# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.12 - Issue 7
July 2019
Price 12/-




પરમ શ્રધ્ધેય આદરણીય રાજયોગિની
સરલાદીદીજીના અવ્યક્ત આરોહણ પર શત્ શત્ વંદન...

## શ્રધ્ધા સુમન અર્પણ




બ્રહ્માકુમારીઝના મુખ્યાલય માઉન્ટ આબુ ખાતે વિશ્વ વંદનીય રાજયોગિની સરલાદીદીના પાર્થિવ દેહને વિભિન્ન પરિસરો તથા ચાર ધામની અંતિમયાત્રા કરાવી તથા પુષ્પાજંલિ અર્પણ કર્યા બાદ બ્ર.કુ. જયંતીબેન, બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. આશાબેન અને અન્ય મહારથી બ્રહ્માકુમાર ભાઈ-બહેનો દ્વારા મુક્તિધામ ખાતે અગ્નિસંસ્કાર વિધિ સમ્પન્ન થઈ.




બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝોનના ડાયરેક્ટર રાજયોગિની બ્ર.કુ. સરલાદીદીજીના અવ્યક્ત આરોહણ સમયે ભારતના પ્રધાનમંત્રી ભ્રાતા નરેન્દ્રભાઈ મોદી, ભારતના ઉપરાષ્ટ્રપતિ ભ્રાતા એમ. વેકૈયા નાયડુ, ગુજરાતના મુખ્યમંત્રી ભ્રાતા વિજયભાઈ રુપાણી, ગુજરાતના નાયબ મુખ્યમંત્રી ભ્રાતા નીતિનભાઈ પટેલ, આરોગ્ય અને પરિવાર કલ્યાણના કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. હર્ષવર્ધન, ગુજરાત BJP પ્રમુખ ભ્રાતા જીતુભાઈ વાઘાણી, ગુજરાત ભારતીય જનતા યુવા મોરચા પ્રમુખ ડૉ. ઋત્વિજ પટેલ, ઉત્તરપ્રદેશના પૂર્વ સંસદસભ્ય ભ્રાતા હરીઓમ પાંડે, રાજસ્થાનના ધારાસભ્ય (રાજસમંદ) શ્રીમતી કિરણ મહેશ્વરી, ગુજરાતના સંસદસભ્ય (દાહોદ) ભ્રાતા જસવંતસિંહ ભાભોર, મુંબઈથી ચિત્રલેખાના સંપાદક વીજુ કોટકે શ્રધ્ધાંજલિ શોક સંદેશા ટીવટ્ર દ્વારા પાઠવ્યા.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૨ જુલાઈ-૨૦૧૯ અંક : ૦૭

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- ગુજરાત ઝોન ડાયરેક્ટર ....................તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર ...................બ્ર.કુ. શિવાનીબેન ..08
- કામ, ક્રોધ, લોભ - નરકનાં દ્વાર ........બ્ર.કુ. શીલુબેન ..09
- દીદી મનમોહિનીજીનો સંક્ષિપ્ત પરિચય ......................13
- કર્મ સિદ્ધાંત..................................બ્ર.કુ. ઉષાબેન ..15
- પતનનું જતન ..............................બ્ર.કુ. ગીતાબેન ..16
- દિવ્યદર્શન ................................બ્ર.કુ. નંદિનીબેન ..19
- શું આપણે ઈશ્વરનાં આજ્ઞાકારી સંતાન .....બ્ર.કુ. કિશોર ..21
- સમર્થ યુગ, સમર્થ પિતા, સમર્થ આત્મા...બ્ર.કુ. કેશુભાઈ ..23
- દાન ..........................................બ્ર.કુ. જયુભાઈ ..26
- ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ મિથ્યા કલ્પના ..બ્ર.કુ. ઈશ્વરભાઈ ..28
- પ્રાર્થનાસભા નિમિત્તે ગાયેલું ગીત ......બ્ર.કુ. ડો. દામિની ..32
- વિવેક-વિવેક બુદ્ધિ અને બુદ્ધિયુગ .........બ્ર.કુ. અનિલ ..33


**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૧૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૨.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦,૦૦૦.૦૦ |


કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
**Phone : 079 - 2762 0866**




**રાજયોગિની સરલાદીદી**

**સ્થાનિક સેવાકેન્દ્ર**

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

Account No. : **032910001801**

Bank Name : **Dena Bank, Pushpkunj Branch** IFSC Code : **BKDN0110329**


**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**

**Phone: 079 - 2543 1676, 2532 4360, 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# ગુજરાત ઝોન ડાયરેક્ટર રાજયોગિની બ્રહ્માકુમારી સરલાદીદીનું મહાપ્રયાણ



આ સંસારમાં એવી મહાન વિભૂતિઓ જન્મે છે કે જેઓ પોતાના જીવન અને કાર્યોની અમીટ છાપ છોડી જાય છે. **તેમનું આ ધરા પર આગમન જ વિશ્વકલ્યાણ માટે હોય છે. આ મહાન વિભૂતિ એટલે રાજયોગિની સરલાદીદી**. કોઈએ સ્વપ્ને પણ વિચાર્યું નહીં હોય કે દીદી આપણી વચ્ચેથી અણધારી વિદાય લેશે. એમણે ઈશ્વરીય સેવા દ્વારા અનેક આત્માઓને જે દિવ્યભાથુ આપ્યું છે તેને લોકો અનેક વર્ષો સુધી યાદ કરશે. એ સંભવ છે કે દરેક બ્રહ્માવત્સોને દીદીની પૂર્ણ જાણકારી ના પણ હોય. તેથી અહીં એને ટૂંકાણમાં આલેખવાનો પ્રયાસ કર્યો છે.

## લૌકિક જીવન પરિચય

દીદીજીનો જન્મ તા. 8 માર્ચ, 1940ના દિવસે કચ્છના જખૌ ગામે થયો હતો. આપ કચ્છી લૌહાણા પરિવારનાં હતાં. પિતાનું નામ રણછોડલાલ આણંદજી સોમૈયા હતું. માતાનું નામ ત્રિવેણીબેન હતું. રાજેન્દ્રભાઈ અને કિશોરભાઈ એમના ભાઈઓ. જેઓ ધંધાર્થે મુંબઈ આવીને વસ્યા હતા. એમનો વ્યવસાય રાજકિશોર એડવર્ટાઈઝીંગના એજન્ટ તરીકેનો છે. પબ્લીસીટીના નિષ્ણાત છે.

બહેનોમાં નીમૂબેન (બ્રહ્માકુમારી તરીકે મુંબઈમાં સેવા આપતાં હતાં.) પછી સરલાદીદી. ભારતીબેન રાજકોટમાં સેવા આપે છે. સૌની મહાનતા પોતપોતાની છે.

દીદી મેટ્રિક એસ.ટી.સી.નો અભ્યાસ કરીને ડોન બોસ્કો ઈંગ્લીશ સ્કૂલમાં ભણાવતાં હતાં. મન લૌકિક દુનિયાથી ઉપરામ હતું. **પાછલા જન્મના દિવ્ય સંસ્કારોનો ઉદય થયો હોય એવું સ્પષ્ટ દેખાતું હતું.**

## દિવ્ય જીવન

દીદીનાં દાદીમા દેવકાબેન નરસિંહદાસ પોપટ જ્ઞાનમાં ચાલતાં હતાં. મુંબઈમાં એમના હસ્તે જ સેવાકેન્દ્રની શરૂઆત થઈ હતી. તે વખતે મુંબઈમાં માતેશ્વરી જગદંબા સરસ્વતીજી પધાર્યાં હતાં. એમનાં દાદીમાએ એમનો પરિચય મમ્મા સાથે કરાવ્યો. **મમ્મા ત્રણે બહેનોને જોતાં જ એમના મહાન ભાગ્યને જોતાં હતાં. 14 વર્ષની વયે દીદીજી આધ્યાત્મિક જીવન તરફ આકર્ષાયાં. 16 વર્ષની વયે તો એમણે બ્રહ્માકુમારી સંસ્થામાં જીવન સમર્પણ કર્યું.**

**2 વર્ષ સુધી દીદીએ મુંબઈ**માં બ્રહ્માકુમારી તરીકે સેવાઓ આપી. પછી **6 વર્ષ પૂનામાં જાનકીદાદીજી સાથે** રહીને સેવાઓ આપી. **સ્વયં બ્રહ્માબાબાએ પ્રભુપાર્ક સોસાયટી, પાલડી, અમદાવાદમાં સેવા શરૂ કરાવી. મીઠા બાબા અમદાવાદને અલ્લાહની નગરી કહેતા.** બાબાને લાગ્યું કે કોઈ કાબેલ ગુજરાતી કન્યા હોય તો ગુજરાતની સેવા દીપી ઉઠે. તે વખતે ઉદ્યોગપતિના પરિવારમાંથી ગુલાબબેન હઠીસીંગ જ્ઞાનમાં આવતાં હતાં. એમની પણ એ જ ઈચ્છા હતી.

**આમ બાબાએ દીદીની 1967માં ગુજરાત ઝોનનાં મુખ્ય પ્રશાસિકા તરીકેની નિમણૂંક કરી. જે દીદીજીએ 52 વર્ષ સુધી નિભાવી.** પાલડી સેન્ટર પછી નારણપુરામાં અમરનાથ સોસાયટીમાં ભાડાના મકાનમાં સેન્ટર શરૂ કર્યું. પછી પરીખ ટ્રાન્સપોર્ટ કંપનીવાળા બ્ર.કુ. હસમુખભાઈ પરીખ અને બ્ર.કુ. મંજુલાબેન પરીખે એમના બંગલામાં એક નાનકડો રૂમ આપ્યો. ઉપર ક્લાસ ચાલતો. **આ નાનો રૂમ જ સરલાદીદીનું ગુજરાત ઝોનનું કાર્યાલય. આમ છતાં પ્રસન્નતાથી અહીં રહી એમણે રજતજયંતીની સુંદર ઉજવણી કરી. ગુજરાતની આ રજતજયંતી વખતે ટાઈટલ પેજ ઉપર ગુજરાતના નકશાવાળી પરિચય પુસ્તિકા ગુજરાતી અને અંગ્રેજીમાં પ્રસિદ્ધ કરી.**

તે વખતે રાજયોગ શિબિર, નવ દેવીઓની ચૈતન્ય ઝાંખી, ભિન્ન ભિન્ન વિષયોને આવરી લેતાં આધ્યાત્મિક પ્રદર્શનો, આધ્યાત્મિક મેળાઓ, લાઈટ અને સાઉન્ડ શો દીદીના નેતૃત્વ અને પ્રોત્સાહનમાં થયા.

**ગુજરાતની સેવાઓના અદ્‌ભુત વિકાસ માટે સારંગપુર કેરીપીઠા મેદાનમાં એક માસ માટે રાખેલ 'નવવિશ્વ આધ્યાત્મિક મેળો અને રાજયોગ શિબિર'નું દીદીએ આયોજન કર્યું. તેમાં ઘણી લાંબી લાઈનો મેળો જોવા થતી હતી. સર્વ સેવાકેન્દ્રોના સહયોગથી દીદીના નેતૃત્વમાં આ અદ્‌ભુત સેવા થઈ.**

**અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના મેદાનમાં 'ભારત એકવીસમી સદીનો પ્રકાશસ્તંભ' નામે અદ્‌ભુત કાર્યક્રમ લગભગ ત્રણ સપ્તાહ સુધી થયો.** તેમાં ભિન્ન ભિન્ન વીંગોના કાર્યક્રમો, મોડલ, ભિન્ન ભિન્ન સજાવટ, આકર્ષક પ્રદર્શન વગેરેનું આયોજન થયું. દીદીએ આ કાર્યક્રમ માટે ઘણી મહેનત કરી. **ત્યારે ગુજરાતના ત્યારના મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં દાદી પ્રકાશમણિજીને સન્માનપત્ર અપાયું હતું.**

**એકવાર દાદી પ્રકાશમણિજીએ કહ્યું 'કુછ બડા કાર્યક્રમ કરો'.** દાદીજીની આ વાત દીદીએ સ્વીકારી લીધી. **પ્રથમવાર એક લાખની સંખ્યાનો કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં થયો. દાદી પ્રકાશમણિજી, દાદી હૃદયમોહિનીજી તથા દાદી જાનકીજીને રથોમાં બેસાડીને ફેરવ્યાં. મીડિયાએ પણ સારો પ્રતિભાવ આપ્યો. આ કાર્યક્રમ દ્વારા દીદીએ ગુજરાતનું નામ સમગ્ર યજ્ઞમાં રોશન કર્યું.**

## સેવાનો વિસ્તાર

સુખશાંતિભવન તથા બાજુમાં બીજા ભવનના નિર્માણથી ઈશ્વરીય સેવાનો વિસ્તાર ઘણો વધતો ગયો. સુવર્ણજયંતીની ઉજવણી સુધીમાં તો સંસ્થાએ દીદીના નેતૃત્ત્વમાં અદ્‌ભુત વિકાસ કર્યો. **450 થી વધુ સેવાકેન્દ્રો અને 4000 થી વધુ ગીતા પાઠશાળા (આધ્યાત્મિક) તેનો પૂરાવો છે.**

દીદી સમગ્ર ગુજરાતમાં પરિભ્રમણ કરતાં. કોઈપણ તકલીફો, રાતદિવસ જોયા વિના દીદીએ

દધીચિ ઋષિ જેવું સમર્પણ કર્યું. જુદી જુદી 20 વીંગોના ઉત્થાન માટે એમણે પ્રેરણાઓ આપી. બ્રહ્માવત્સોના ઉત્થાન માટે દીદી જાગૃત હતાં. સૌના માટે સ્વઉન્નતિના કાર્યક્રમો બનાવતાં. સુખ શાંતિ ભવનથી આવતાં બુલેટીનો તેનો પ્રત્યક્ષ પૂરાવો છે. **અત્યારે 12 સબઝોનનો અદ્‌ભુત વિકાસ થયો છે. સંસ્થાનાં ભવ્ય ભવનોનું નિર્માણ થયું છે. આમ છતાં દીદી અમીર-ગરીબ જેવો કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના સૌની સાથે સ્થિતપ્રજ્ઞ અવસ્થાની જેમ વર્તતાં હતાં.**

## સંસ્થામાં મહત્વપૂર્ણ સ્થાન

દિવ્યગુણોના ચૈતન્ય ગુલદસ્તા એવાં દીદીજીને એમની યોગ્યતા અને મહાનતા જોઈને ભિન્ન ભિન્ન સન્માનનીય સ્થાન આપ્યાં છે.

- બ્રહ્માકુમારીઝની મધ્યસ્થ સંચાલન સમિતિનાં સભ્ય હતાં.
- એજ્યુકેશન સોસાયટીનાં સભ્ય.
- રાજયોગ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનના બોર્ડમાં સભ્ય
- શિવ આધ્યાત્મિક ફાઉન્ડેશન ટ્રસ્ટનાં મુખ્ય ટ્રસ્ટી.
- સાયન્ટીસ અને એન્જીનીયરીંગ વીંગનાં રાષ્ટ્રીય અધ્યક્ષ.
- પ્રસિદ્ધ ગુજરાતી ‘જ્ઞાનામૃત’ પત્રિકાનું પ્રકાશન.

દીદીએ એમને મળેલાં સ્થાન શોભાવ્યાં હતાં.

## વિશિષ્ટ પ્રતિભાઓ સાથે આત્મીયતા

**ગુજરાતમાં જે મુખ્યમંત્રી, રાજ્યપાલ, હાઈકોર્ટના જજ આવે દીદી તેમને રક્ષાબંધન કરવા જતાં. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી ભ્રાતા નરેન્દ્રભાઈ મોદી સાથે આત્મીયતા હતી. એમણે આબુ મુખ્યાલયની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન બન્યા પછી દીદી દિલ્હી જઈને રક્ષાબંધન કરતાં.**

**ગુજરાતના રાજ્યપાલ** માનનીય શ્રી. ઓ. પી. કોહલી, **ગુજરાતના મુખ્યમંત્રી** ભ્રાતા વિજયભાઈ રૂપાણી, **ઉપમુખ્યમંત્રી** ભ્રાતા નીતિનભાઈ પટેલ સાથે આત્મીયતા હતી. **રાજકારણથી પર હતાં એટલે વિરોધપક્ષના નેતાઓ સાથે પણ એમની આત્મીયતા હતી.**

દીદીને **રાષ્ટ્રીય મહાન પ્રતિભાઓ** સાથે પણ આત્મીય સંબંધ હતો. જેમાં **પૂર્વ વડાપ્રધાન** અટલ બિહારી બાજપાઈ, **પૂર્વ રાષ્ટ્રપતિ** ડો. એ. પી. જે. અબ્દુલ કલામ, **યુનોની સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન માનનીય** શ્રી એસ. આર. ઈન્સાનઅલી, **ન્યુઝીલેન્ડમાં સ્થિત ભારતના હાઈકમિશ્નર, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ** માનનીય બીલ ક્લીન્ટન, શ્રીમતી સોનિયા ગાંધી વગેરેનો સમાવેશ થાય છે.

**ઉદ્યોગપતિઓ** કરસનભાઈ પટેલ શાન્તાબેન પટેલ, ગૌતમભાઈ અદાણી, પ્રીતિબેન અદાણી જેવી અનેક પ્રતિભાઓ દીદીના સંપર્કમાં, આત્મીય સંબંધમાં હતી. **ધાર્મિક વિશિષ્ટ પ્રતિભાઓ સાથે એમનો સંપર્ક હતો.** જેમાં **જગન્નાથ મંદિરના મહંત** શ્રી દિલીપદાસજી, **શિવાનંદ આશ્રમના** સ્વામી અધ્યાત્માનંદજી, **ઈસ્લામ, ખ્રિસ્તી, શીખ વગેરે તમામ ધર્મના નેતાઓ સાથે આત્મીયતા હતી.**

**દીદીને મહાનતાના શિખરે પહોંચાડવામાં દાદી પ્રકાશમણિજી, દાદી જાનકીજી, દાદી હ્રદયમોહિનીજી, દાદી રતનમોહિનીજી, રાજયોગી જગદીશચંદ્રજી, રાજયોગી નિર્વેરભાઈજી, રાજયોગી રમેશભાઈજી, રાજયોગી બ્રીજમોહનભાઈજી વગેરેનો અમૂલ્ય**

ફાળો હતો.

## વિદેશયાત્રાઓ

**ઈ.સ. 1971થી દીદીએ વિદેશોની સેવાઓ શરૂ કરી. આપ અમેરિકા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, એશિયાના દેશોમાં ઈશ્વરીય સેવાર્થે ગયાં હતાં.** જેના દ્વારા અનેક આત્માઓની જ્યોતિ જગાવી હતી. તેઓ સૌ દીદીને આજે સન્માનપૂર્વક યાદ કરે છે.

## એવોર્ડ સન્માનો

**દીદીને યુનો સાથે જોડાયેલી બીન રાજકીય સંસ્થાએ 'ગુજરાત ગૌરવ એવોર્ડ' આપ્યો હતો.** આ ઉપરાંત સન્માનપત્રો તેમજ ભિન્ન ભિન્ન પ્રકારે એમનાં અગણિત સન્માનો થયાં હતાં.

## અંગત અનુભવ

દીદી સાથે મારે 43 વર્ષથી મા-બેટાનો, માની મમતાનો સંબંધ હતો. દીદીએ મે, 1978માં મને 'જ્ઞાનામૃત'નું તંત્રીપદ આપ્યું. જ્યારે મહાદેવનગર સબઝોનમાં માત્ર બ્ર.કુ. વાડીભાઈ જ વાર્ષિક મીટીંગ મેમ્બર હતા. દીદીએ મને મીટીંગ મેમ્બર બનાવ્યો. મીડિયા વીંગના ઝોનલ કોઓર્ડીનેટરની જવાબદારી સોંપી. લેખન પ્રવૃત્તિને કારણે, જ્ઞાનામૃત અને મીડિયા સેવાને કારણે દીદીને વારંવાર મળવાનું થતું. દીદીના દિવ્યગુણો અને વિશેષતાઓથી ખૂબ જ પ્રભાવિત છું. સ્થળ સંકોચને લીધે દીદીને અંતરમનની હાર્દિક શ્રધ્ધાંજલિ આપીને કલમને વિરામ આપું છું.

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ



સરદાર પટેલ સ્મારક ભવન, શાહીબાગ, અમદાવાદમાં દીદીને 'ગુજરાત ગૌરવ એવોર્ડ' આપવાના કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં રાજયોગિની સરલાદીદીજી. બાજુમાં જેમના વરદ હસ્તે એવોર્ડ અપાયો હતો તેવા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ ભ્રાતા ધીરુભાઈ શાહ છે.

### પ્રસન્નતાના પથ પર

# સ્વીકાર કરવાના સંસ્કાર બનાવો

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



સંસ્કારો પર થોડું ધ્યાન રાખીને મહેનત કરીએ, તો આ સંસ્કાર માત્ર વર્તમાન જીવનમાં જ નહીં પણ આપણી સાથે આવશે. કેટલી મહેનત કરીને ડોક્ટર બન્યા પરંતુ જ્યારે શરીર છોડશો તો નવા જન્મમાં નર્સરીથી ફરી ભણવું પડશે. ડોક્ટર બનવાની મહેનત ફરી કરવી પડશે. આમ છતાં જો સંસ્કાર લઈને જશો તો એટલી મહેનત નહીં કરવી પડે. આજે આપ અલગ અલગ બાળકોને જુઓ. કોઈ બહુ જ શાંત છે. કોઈ બહુ જ આક્રમક છે. કોઈ આદાન પ્રદાન કરનાર છે. કોઈ દરેક ચીજ પોતાની પાસે પકડી રાખે છે. આ બાળકો અલગ અલગ સંસ્કારનાં કેમ છે ? કારણ કે આ બાળકો પાછલા જન્મના સંસ્કારો પોતાની પાસે લઈને આવ્યાં છે. આની સાબિતી એ છે કે જે સંસ્કાર આપણે અત્યારે બનાવીએ છીએ તે સંસ્કાર અત્યારે આપણી સાથે રહેશે અને નવા જન્મમાં સાથે આવશે. આ સંસ્કારોનું કાયમી રેકોર્ડીંગ છે. આપણે જેની સાથે કામ કરીએ છીએ તેમાં એકબીજાને જોઈએ. દરેક આત્મા પોતાનો પાર્ટ ભજવે છે. આપણે આપણા સંસ્કારો મુજબ અન્ય પાસે અપેક્ષા રાખીએ છીએ. જો આપનામાં કામની ગંભીરતાનો ગુણ છે તો બીજાઓ પણ તેમ કરે એવી અપેક્ષા રાખીએ છીએ. પોતાના કરતાં કોઈ આગળ જાય તે સ્વીકારી શકતા નથી. આપણા જે સંસ્કારો છે તે આપણને સાચા લાગે છે.

આપણે બીજાઓના સંસ્કાર સમજવામાં અસમર્થ છીએ. કારણ કે તેવા સંસ્કારો આપણા આત્મામાં નથી. દા.ત. એક ભજનની સીડી છે. બીજી હિન્દી ફીલ્મી ગીતોની સીડી છે. ત્રીજી રોક મ્યુઝિકની સીડી છે. ત્રણે એક ઘરમાં આવી ગઈ. એ રીતે આપણે એકબીજાથી અલગ છીએ. આપણને એક બીજાનાં ગીતો પસંદ પડતાં નથી. આપણે કહીએ છીએ કે હું તને સમજી શકતો નથી. આપણને તે કેમ સમજાતું નથી કારણ કે તેનામાં જે સંસ્કાર છે તે આપણી પાસે નથી. દરેક વખતે સૌને ઓળખવાં શક્ય હોતું નથી. કોઈની પાસે વિશ્વાસ કરવાના સંસ્કાર છે અને કોઈ પતિ યા પત્નીમાં શંકા કરવાના સંસ્કાર છે. વિશ્વાસ કરનાર માનવ કોઈ દૃશ્ય સામે આવશે તો વિશ્વાસ કરશે. શંકાના સંસ્કારવાળો બીજાનામાં શંકા રાખશે. જો આપણી સામે અંગ્રેજી અને ચાઈનીઝ ભાષા બોલનાર છે તો તેઓ એકબીજાને સમજી નહીં શકે. આવા સમયે આપણે એકબીજાનો સ્વીકાર કરીએ.

આ જીવનને સમજવું સહેલું છે પણ જે આત્માઓ પાછલા જન્મોના સંસ્કારો લઈને આવ્યા છે તેમને સમજવા અઘરા છે. એમના વ્યવહારને જોતાં આપણે કહીએ છીએ કે આ આવું કેમ કરે છે? આવા સમયે એકબીજાના સંસ્કારોનો સ્વીકાર કરીએ. અન્યના સંસ્કારોને જોઈને આપણે ડીસ્ટર્બ થઈ જઈએ છીએ. તે ના થઈએ. મીઠા બાબા એટલા માટે જ સહનશક્તિ અને સમાવવાની શક્તિ ધારણ કરવાનું કહે છે.

॥ ઓમશાંતિ ॥

# કામ, ક્રોધ, લોભ - નરકનાં દ્વાર

બી.કે. શીલુબેન, માઉન્ટ આબુ



મનુષ્ય જીવન સ્વાભાવિક રીતે સૌથી શ્રેષ્ઠ જીવન છે અને માનવ, ઈશ્વરની સૌથી શ્રેષ્ઠ રચના છે. એક કહેવત પ્રસિધ્ધ છે કે ઈશ્વર જ્યારે મનુષ્યને પેદા કર્યો તો તેને પોતાના જેવો બનાવ્યો. (God created man in his own image) અર્થાત્ ઈશ્વરે પોતાના સર્વ ગુણો મનુષ્યમાં ભરી દીધા. માનવ દેવ સમાન હતો, શ્રેષ્ઠ હતો. એનામાં દિવ્યતા હતી, દિવ્યગુણો હતા. પરંતુ આજનો માનવ પોતાની દિવ્યતાની શક્તિ ગુમાવી બેઠોછે. એના ફલસ્વરૂપે અનેક પ્રકારના વિકારોને વશ થઈ ગયો છે. તે કામવાસના, ક્રોધ, લોભ, મોહ, અશુદ્ધ અભિમાન વગેરે અનેક વિકારોમાં ઘેરાઈ ગયો છે. જેના કારણે આજની દુનિયાને કલિયુગ કહેવામાં આવે છે. અત્યારે તો કલિયુગ જ નહીં પણ ઘોર કલિયુગ આવી ગયો છે. પ્રકૃતિ જે મનુષ્યના સુખ માટે છે તે આજે દુ:ખ આપી રહી છે. પ્રાકૃતિક પ્રકોપોને કારણે માનવ અનેક પ્રકારનાં કષ્ટો ભોગવે છે. એનું કારણ શું છે ? કારણ છે - મનુષ્યનાં કર્મ. આજે માનવનાં કર્મો વિકારોને વશીભૂત હોવાના કારણે પાપના ખાતામાં જઈ રહ્યાં છે. એજ કારણે તે દિન પ્રતિદિન દુ:ખી બનતો રહ્યો છે.

## આત્મિક દૃષ્ટિથી કામવાસના પર વિજય

આજે કામવાસનાને વશીભૂત માનવ પોતાના કર્તવ્યને ભૂલી ચૂક્યો છે. ભગવાન આપણને કહે છે કે હે બાળકો, હે મારા આત્માઓ, તમે સૌ મુજ પરમપિતા પરમાત્માનાં સંતાન છો. પરસ્પર ભાઈ-ભાઈ છો. પરંતુ આજનો માનવ એ પવિત્ર દૃષ્ટિને ક્યાં અપનાવી રહ્યો છે ? તેઓ કહે છે કે સ્ત્રી પુરુષનું અંતર તો સૃષ્ટિનો નિયમ છે. આ અંતર ભગવાને સ્ત્રી અને પુરુષને સંસારમાં રચના પેદા કરવા માટે બનાવ્યાં. પરંતુ આપણે જોઈ રહ્યા છીએ કે રચના ઉત્પન્ન કરવાને અંગ્રેજી Procreation કહેવાય છે. જેના કારણે મનુષ્ય કામવાસનાનો આધાર લે છે. તે Procreationને બદલે recreationનું રૂપ બની ચૂક્યું છે. અર્થાત્ મનુષ્ય ઈન્દ્રિયોના અલ્પકાળના સુખને માટે કામવાસનાને વશીભૂત થઈ ગયો છે. આ કામવાસનાની અતિના પરિણામે આજની દુનિયામાં બળાત્કારની ઘટનાઓ વધી રહી છે. સ્ત્રીની કોઈ સુરક્ષા નથી અને માનવ પોતાની ઈન્દ્રિયોને યા આસુરી વૃત્તિઓને વશ થઈને પશુ કરતાંયે ખરાબ હાલતમાં પહોંચી ગયો છે. પશુમાં તો બુદ્ધિ હોતી નથી પરંતુ મનુષ્યમાં તો બુદ્ધિ છે. કામવાસનાને વશીભૂત થઈને બુદ્ધિ ભ્રષ્ટ મનુષ્ય એ ભૂલી ગયો છે કે તે આ સંસારમાં શા માટે આવ્યો છે ?

મનુષ્ય આવ્યો છે ઈશ્વરનું નામ રોશન કરવા માટે. તે આ સૃષ્ટિ મંચ પર પાર્ટ બજાવવા માટે આવ્યો હતો. પરંતુ તે સ્વયંને, પોતાના કર્તવ્યને, પોતાના સાચા પિતાને ભૂલી ગયો અને ઈન્દ્રિયોને વશીભૂત માનવ, કામવાસનાને આધીન થઈને વિકર્મોનો ભાગી બનતો જઈ રહ્યો છે. વાસ્તવમાં આપણે આપણી દૃષ્ટિને પવિત્ર બનાવવાની જરૂર છે. તે દૃષ્ટિ કામવાસનાની અગ્નિમાં સળગી રહી છે. આપણે જ્યારે કોઈ સ્ત્રીને જોઈએ છીએ ત્યારે શું આપણા મનમાં એ

ભાવ ઉત્પન્ન થાય છે કે આ એક દેવી છે, આ પણ ઈશ્વરની રચના છે, આ પણ એક શક્તિ છે ? ભગવાને એને પેદા કરી છે. એટલે સ્ત્રીને પવિત્ર દૃષ્ટિથી જોવાની છે. પરંતુ આજનો માનવ કામાતુર બનીને પોતાની બુદ્ધિને નષ્ટ કરી બેઠો છે. હવે પ્રશ્ન એ છે કે આ દૃષ્ટિનું પરિવર્તન કઈ રીતે કરવામાં આવે ? એના માટે એક માત્ર ઉપાય છે કે આપણે સ્ત્રીને એક આત્માના રૂપે જોઈએ. સંસાર એક પરિવાર છે. 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના આપણી વૃત્તિમાં જાગવી જોઈએ. દૃષ્ટિમાં પવિત્રતા આવવી જોઈએ. ત્યારે જ આ સંસારમાંથી કામવાસનાનું ભૂત સમાપ્ત થશે. નહીંતર આજના યુગમાં આ વિકાર એટલો વધી રહ્યો છે કે હવે તો કલિયુગ નહીં પણ ઘોર કલિયુગ આવ્યોછે, ઘોર નર્ક આવ્યું છે.

## કામથી ક્રોધની ઉત્પત્તિ

કામવાસનાને વશીભૂત માનવ તૃપ્ત થતો નથી એટલે એનામાં ક્રોધની ઉત્પત્તિ થાય છે. ક્રોધી માનવ અગ્નિની જેમ સ્વયંને પણ સળગાવે છે અને બીજાઓને પણ સળગાવે છે. એ કહેવત પ્રસિદ્ધ છે કે 'ક્રોધીના ઘરના માટલાનું પાણી પણ સૂકાઈ જાય છે.' ક્રોધમાં આવીને માનવ એ જરા પણ વિચારતો નથી કે એનું પરિણામ શું આવશે, એનાથી મને કેવું ફળ મળશે. ક્રોધ ભૂતના સમાન છે. જેને વશ થઈને તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ક્રોધનું અંતિમ રૂપ આત્મઘાત અને હત્યા. આજે એક માસૂમ બાળક જન્મે છે કાલે તે કલી બને છે, ફૂલ બનવા તરફ તે અગ્રેસર બને છે પરંતુ ફૂલ બને તે પહેલાં તેને નષ્ટ કરી દેવામાં આવે છે. શું આપણને આ અધિકાર છે ? હત્યાનું કારણ શું છે? એનું કારણ છે ક્રોધ. જ્યારે મનુષ્યને ક્રોધ આવે છે ત્યારે તે કંઈ પણ જોતો નથી. ત્યાં સુધી કે મા પણ પોતાના બેટાની હત્યા કરી દે છે. એક બાળક પણ પોતાના પિતાની કતલ કરી દે છે. એ સમયે મા એ ભૂલી જાય છે કે મેં તેને જન્મ આપ્યો છે. બાળક ભૂલી જાય છે કે પિતાએ એને જન્મ આપ્યો છે. એક પતિ પોતાની પત્નીની હત્યા કરી દે છે. કોને આ અધિકાર છે ? ભગવાને તો આપણને આ અધિકાર આપ્યો નથી. ભગવાન જે આપણા સૌના પરમપ્રિય છે, આપણા પિતા છે, એમણે આ અધિકાર આપણને આપ્યો નથી. તો પછી કોણે આપ્યો ? સૃષ્ટિ ભગવાનની છે. આ સૃષ્ટિ ઉપર પોતાનો અધિકાર જમાવીને બેસી ગયા છે. તેના ફલ સ્વરૂપે પોતાના જ પાપ કર્મોનો દંડ ભોગવી રહ્યા છે.

## શાંતિની શક્તિથી ક્રોધ પર વિજય

ક્રોધની ઉત્પત્તિ ક્યાંથી થાય છે ? વાસ્તવમાં ક્રોધની ઉત્પત્તિ મનથી જ થાય છે. ક્રોધનો સંકલ્પ પહેલાં મનમાં આવે છે. મનથી વચનમાં આવે છે. તે પછી કર્મમાં આવે છે. જે પ્રકારે વૃક્ષને ખતમ કરવા માટે એના બીજને ખતમ કરવાની આવશ્યકતા છે. ક્રોધનું બીજ છે નકારાત્મક સંકલ્પ. ક્રોધમાં મનુષ્ય આંધળો બની જાય છે. જે રીતે અંધકારને સમાપ્ત કરવા માટે જ્ઞાનનો પ્રકાશ મનમાં લાવવાની આવશ્યકતા છે. અને તે જ્ઞાનનો પ્રકાશ છે કે 'હું એક શાંત સ્વરૂપ આત્મા છું.' આ સંકલ્પ આવતાં જ ક્રોધનું બીજ સમાપ્ત થઈ જાય છે. મનમાં શાંતિની અનુભૂતિ થાય છે. તો આ કામ, ક્રોધ બંનેય નરકનાં દ્વાર છે. આજે માનવ બંને વિકારોને વશીભૂત થઈને આ સૃષ્ટિને નર્ક બનાવી ચૂક્યો છે. આ બંનેનું કારણ છે દેહનું અભિમાન. આ દેહ અભિમાનને સમાપ્ત કરવું ઘણું જરૂરી છે.

આપણે જીવન અને સંસારમાં શાંતિની અનુભૂતિ કરવા ઈચ્છીએ છીએ તો કામ અને ક્રોધ વિકારોને સમાપ્ત કરવા એ જ લાભદાયી રહેશે. કામ અને ક્રોધે જીવનને નરક બનાવી દીધું છે.

જેના કારણે મન પોતાની શક્તિ ગુમાવી ચૂક્યું છે. હવે આવશ્યકતા એ વાતની છે કે આપણે એ દૃઢ સંકલ્પ કરીએ કે કામ અને ક્રોધને સમાપ્ત કરીશું. એના બદલે આત્મિક પ્રેમ અને શાંતિ મનમાં જગાડીશું. આત્મિક શાંતિ મનમાં પ્રગટાવીશું. આત્મિક પ્રેમ અને શાંતિથી જ સંસારમાં કામ અને ક્રોધની અગ્નિ સમાપ્ત થશે.

## લોભી નર કંગાલ છે.

એના પછી ત્રીજો વિકાર આવે છે લોભ. આ પણ ઘણો મોટો વિકાર છે. લોભ માટે કહેવાય છે લોભી નર કંગાલ છે. જે વ્યક્તિ લોભી હોય છે તે ભલે કરોડપતિ કેમ ના હોય છતાં પણ કંગાલ છે. એનું કારણ છે કે એણે ધન પ્રાપ્ત કર્યું છે. એ ધનથી સેવા કરતો નથી. એના પરિણામે આત્માઓની દુઆઓ પણ તેને મળતી નથી. તો એનું ધન જ એને ક્યારેય સુખ આપશે નહીં. 'લોભી નર કંગાલ હૈ, દુ:ખ પાવત દુ:ખ દેત'. નિર્લોભી વ્યક્તિને ઈશ્વર સદા આપતો રહે છે. કારણ કે એની પાસે જે છે તે સર્વના માટે છે. આજે માનવ લોભવશ કેટલી ઈચ્છાઓ રાખે છે. એક ઈચ્છા પૂરી થતાં જ બીજી ઈચ્છા જન્મ છે. વાસ્તવમાં વ્યક્તિ પાસે જેટલું છે એનાથી જ સંતુષ્ટ રહે તો આ સંસારમાં સૌ સુખી થઈ શકે છે. કહેવત પ્રસિદ્ધ છે 'There is everything for one's need. but not for one's greed.' જરૂરી એટલું પ્રકૃતિએ આપણને સર્વ કાંઈ આપ્યું છે. ધરતી અનાજ આપી રહી છે. તરસ છિપાવવા માટે પાણી આપણી પાસે પર્યાપ્ત છે. હવા આપણને તાજગી આપી રહી છે. અગ્નિ આપણને શક્તિ આપી રહ્યો છે. આમ છતાં પાંચ તત્ત્વોનો આપણે દુરુપયોગ કરી રહ્યા છીએ. અને જરૂર કરતાં વધુ મેળવવા લોભને વશ થઈ ગયા છીએ. એટલે પ્રકૃતિનો પ્રકોપ માનવીને સહન કરવો પડે છે. જે પ્રકૃતિ માનવને જીવિત રહેવા માટે અનાજ પ્રદાન કરતી હતી અને સુખ આપતી હતી તે પ્રકૃતિ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ અને વાતાવરણમાં પ્રદૂષણના રૂપે લોભનાં ભયંકર પરિણામ માનવની સામે લાવી રહી છે. તેથી લોભને જીવતો ઘણો જરૂરી છે. લોભવિકાર પણ મનુષ્યને બહુ દુ:ખ આપે છે. કહેવત છે કે 'Stretch your legs according to your sheet' આપણે જેટલાં સાધનશક્તિ આપણી પાસે છે તેટલું જ કાર્ય કરીએ. જો આપણી પાસે સાધન નથી તો આપણે વધારે ઈચ્છા રાખીને યા લોભ રાખીને સાધનોની પાછળ ભાગીશું તો એક દિવસ એવો આવશે કે સાધન જ આપણને દુ:ખ આપશે. સાધનો પહેલાં સાધના જરૂરી છે. અંતરથી વૈરાગ્યની જરૂર છે. અંતરમાં ત્યાગની જરૂર છે. જો હું બે રોટલી ખાઈ રહ્યો છું અને એક વ્યક્તિને એક રોટલી આપું. માનવ ઓછું ખાઈને મરી જાય એવું બનતું નથી. વધારે ખાઈને કોઈ મરી શકે છે. મેદવૃદ્ધિ માનવને મારી શકે છે. પણ ઓછું ખાઈને, ગમ ખાઈને વ્યક્તિ વધુ જીવી શકે છે.

## નિર્લોભી સદા સુખી

લોભને કારણે આજે સંસારમાં તારું મારું થઈ ચૂક્યું છે. માનવ તો માનવ જ છે. પેટને કેટલું જોઈએ. પેટને વધુ ખોરાક જોઈતો નથી પરંતુ જેટલી પેટીઓ ભરતા જશો તેટલી ઓછી જ લાગશે. પણ પેટ વધુ નથી માંગતું. શું પેટના માટે પાપ કરવું ઉચિત છે ? માનવની વૃત્તિ બદલાઈ જાય છે ત્યારે તે રાક્ષસ બની જાય છે. તેજ માનવની વૃત્તિ શ્રેષ્ઠ બનતાં તે દેવ કહેવાય છે. જે દેવ સમાન હશે તે કહેશે મારું અને તારું શું બધું ભગવાનનું છે. જ્યારે આ દુનિયામાં આવ્યા હતા ત્યારે શું લઈને આવ્યા હતા. ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે પાછા જવાનું છે. આ સંસારની કોઈપણ ભૌતિકવસ્તુ આપણે સાથે લઈ જતા નથી. આત્મા

આ શરીરમાં આવ્યો તો શરીર પણ તેનું પોતાનું નહોતું અને જશે ત્યારે પણ શરીરને સાથે નહીં લઈ જાય.

દૈવી વૃત્તિ વાળો આત્મા કહેશે તારું મારું કંઈ નથી આ ઈશ્વરનું જ છે. સામાન્ય માનવ કહેશે તારું તારી પાસે રાખ. મારું મારી પાસે રાખું. આસુરી વૃત્તિવાળો માનવ કહેશે મારું તો મારું પણ તારું પણ મારું. તે ચોરી કરીને ધાડ પાડીને, ખૂન કરીને, હેરાફેરી કરીને, ભ્રષ્ટાચાર કરીને અનેક પ્રકારનાં પાપકર્મ કરીને બીજાની વસ્તુ પડાવી લેશે. આમ લોભી માનવ કદી સાચું સુખ મેળવી શકતો નથી. આ લોભ વિકારને છોડીને જીવનમાં સંતોષનો ગુણ ધારણ કરો.

ભગવાને આપણને ઘણું બધું આપ્યું છે. આજે કેટલાયે લોકો એવા છે કે જેમની પાસે કંઈ નથી. આવા લોકોને જોઈ આપણે સહયોગ આપવાનો છે. પોતાની વસ્તુઓ આપીને તેમને સુખી કરવાના છે.

કામ, ક્રોધ, લોભ આ ત્રણેય વિકારો નરકનાં દ્વાર છે. જ્યારે આ ત્રણ વિકારોને, ત્રણે અવગુણોને યા ત્રણે ભૂતોને ઓળખીશું, એના ઉપર વિજય મેળવીશું ત્યારે શાંતિ અને સંતોષનું જીવન જીવી શકીશું. આ માનવજીવન, જે હીરાતુલ્ય જીવન છે એને શ્રેષ્ઠ બનાવીને અનેકોને સુખી બનાવી શકીશું.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 13નું અનુસંધાન)...**

દીદી કહેતાં કે હું તો પહેલાં રુહાની વિદ્યાર્થી છું. અંત સુધી ઈશ્વરીય જ્ઞાનના અભ્યાસનો સંપૂર્ણ શોખ હતો. જ્ઞાન, યોગ, ધારણા અને સેવા ચારેય વિષયોમાં તેઓ પરિપૂર્ણ બન્યાં, ત્યાગ, તપસ્યા અને સેવાની મૂર્તિ બની રહ્યાં.

1937 થી 1951 સુધી 14 વર્ષ યજ્ઞ વત્સોની સેવા, તપસ્વી બનવાની, બનાવવાની સેવા કર્યા પછી જ્ઞાનસાગરમાંથી નીકળેલી જ્ઞાનગંગા પોતાના કેટલાક સાથીઓ સહિત વિશ્વ સેવા માટે નીકળી પડ્યાં. યજ્ઞના ઈતિહાસમાં 1952માં જ્યારે ઈશ્વરીય સેવાનો અધ્યાય શરૂ થયો તેમાં પણ દીદી અગ્રણી રહ્યાં અને પોતાની ધારણાઓ, મર્યાદાઓ, એકરસ યોગ, ત્યાગ તથા તપસ્યાને કારણે સેવાના ક્ષેત્રને આગળ ધપાવતાં રહ્યાં. દીદી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું પ્રથમ સેવા કેન્દ્ર ખોલવા માટે નિમિત્ત બન્યાં. શીખવાની અને અન્યને શીખવાડવાની કલામાં નિપુણ હોવાને લીધે દીદીજી અનેકો માટે પ્રેરણા સ્ત્રોત બન્યાં. દેશવિદેશમાં સર્વત્ર ખૂણેખાંચરે પથરાયેલા રુહાની વિદ્યાર્થીઓની દેખરેખ રાખવા માટે તેઓ પ્રવાસ કરતાં રહ્યાં.

દીદીએ આ સાકારલોકના અંતિમ દિવસોમાં ઉડતી કલામાં ઉડવાનો, હવે ઘર (પરમધામ) જવાનું છે, બાપ સમાન બનવાનું છે, વૈરાગ્ય વૃત્તિ, ઉપરામવૃત્તિ, ફોલો ફાધર, કર્મભોગ પર યોગ દ્વારા વિજય કઈ રીતે મેળવવો, દવા, દુવા અને યોગબળનું બેલેન્સ કઈ રીતે જાળવવું આ સર્વ ધારણાઓનો અનુભવ કરાવ્યો. કદી સ્વાસ્થ્ય ઠીક ન હોવા છતાં પણ જ્ઞાનયોગની ધારણાઓ છોડી નહોતી. દીદીજી આપણી સમક્ષ બાપ સમાન એક મૂર્તિ છે. (દીદીજીએ 28, જુલાઈ, 1983ને સતગુરુવારના દિવસે દેહત્યાગ કર્યો હતો.)

**॥ ઓમશાંતિ ॥**

# દીદી મનમોહિનીજીનો સંક્ષિપ્ત જીવન પરિચય



આ વિશ્વમાં અનેકવાર પરિવર્તન લાવનારી ક્રાન્તિઓ થઈ છે. વિશ્વકક્ષાએ આધ્યાત્મિક ક્ષેત્રમાં અભૂતપૂર્વ ક્રાંતિ લાવવા માટે નિમિત્ત સ્વયં પરમપિતા દ્વારા પસંદગી પામેલાં વિલક્ષણ ગુણ સંપન્ન દીદી મનમોહિનીજીનો જન્મ હૈદરાબાદ સિંધના સુપ્રસિદ્ધ અતિ ધનાઢ્ય પરિવારમાં થયો હતો. એમનું બાલ્યકાળનું નામ ગોપી હતું.(હવે આપણે એમને દીદી કહીએ છીએ.) એમનું જેવું નામ હતું તેવું કામ હતું. તેઓ શ્રી કૃષ્ણના અનન્ય ભક્ત હતાં. અને સદા એવી લગની રહેતી હતી ? મારે પણ એવું જ બનવું છે. 10 વર્ષની નાની ઉંમરમાં વિવાહ થઈ ગયો. પરંતુ બાળપણથી જ સમાજસેવાની પ્રવૃત્તિમાં હતાં. સાસરું ધનાઢ્ય હોવા છતાં પોતાની કમાણીથી ગરીબો વગેરેની સેવા કરવાની ભાવનાથી સિવણકામ કરીને સમાજસેવાની પ્રવૃત્તિ કરતાં હતાં.

આ સમાજસેવાની ભાવનાના આધારે જ એમનો સંપર્ક બાબા (પૂર્વાશ્રમમાં દાદા લેખરાજ પછીથી પ્રજાપિતા બ્રહ્મા)ના પરિવાર સાથે થયો. મનમોહિનીજીએ બાબાને જોયા તો એમના મસ્તકમાં એમને અલૌકિક આભાનો આભાસ થયો. બાબાના મુખારવિંદ ઉપર એક દિવ્ય અલૌકિક કાંતિ અને પ્રતિભાનું આકર્ષણ હતું. કેટલાક દિવસો પછી એમનાં લૌકિક માતા રૂક્ષ્મણી (ક્વીન મધર)ને બાબાની પાસે સત્સંગ કરવા જવાની તક મળી. એમણે બાબાને જોયા અને સત્સંગ સાંભળ્યો તો મન પ્રફુલ્લિત થઈ ગયું અને પરમશાંતિનો અનુભવ કર્યો. બાબા એટલી પ્રસિદ્ધ વ્યક્તિ હતા જેથી સૌ એમનાથી પરિચિત હતા. ક્વીન મધરે બાબાના જીવનમાં મહાન પરિવર્તન જોયું. એમને જણાયું કે બાબા સાધારણ નથી. એમનામાં હવે પહેલાં ન જોવા મળેલ અલૌકિકતાનો પ્રભાવ હતો. એમણે બ્રહ્માબાબામાં ઈશ્વરીય શક્તિની અનુભૂતિ કરી. દૃષ્ટિ અને ભૃકુટિમાં ભગવાનનું સ્વરૂપ જોયું. આ રીતે બાબાના વ્યક્તિત્વ પરિવર્તન અને સત્સંગથી પ્રભાવિત થઈને એમણે પોતાની લૌકિક પુત્રી ગોપી (દીદી મનમોહિની)ને પણ સત્સંગમાં આવવાનું નિમંત્રણ આપ્યું. દીદીએ બાબાના મુખેથી સાંભળ્યું કે તમે દેહ નથી પણ આત્મા છો, શરીર પાંચ તત્ત્વોનું પૂતળું છે. આપ આત્મા અજર, અમર, અવિનાશી છો. આત્માના રૂપથી જ એક બીજાને જુઓ. આ ઉપરાંત જ્યારે આત્માનો અનુભવ કર્યો અને બાબાના મસ્તક પર ચમકીલા પ્રકાશનો અનુભવ કર્યો ત્યારે એમને લાગ્યું કે પહેલાંના બાબામાં અને અત્યારમાં ઘણું અંતર છે. એમણે બાબા સાથે વ્યક્તિગત રીતે જ્ઞાન ચર્ચા કરી. હિંદુ નારી પતિને જ પરમેશ્વર ગુરુ માને છે પરંતુ બાબા પાસેથી સાંભળ્યું કે અહીં ગુરુ કરવાની વાત નથી પરંતુ આ જ્ઞાન સમજવાનું છે, કે મનુષ્યમાંથી દેવતા કઈ રીતે બની શકાય. તેથી બુદ્ધિ તીક્ષ્ણ હોવાને લીધે બાબાની આ વાત વિવેકસંગત લાગી અને દરરોજ સત્સંગમાં આવવાનું શરૂ કર્યું. અનેકવાર બાબામાં તેમને કૃષ્ણના સાક્ષાત્કાર થયા. સાથે સાથે જ્ઞાન મળતું રહેવાને લીધે મન સંતુષ્ટ બનવા લાગ્યું. ગીતાનું જ્ઞાન હવે સાચી રીતે

સમજાયું. ધીરે ધીરે આ રીતે લગની વધતી થઈ. અતીન્દ્રિય સુખનો અનુભવ થવા લાગ્યો. પવિત્રતાની ભાવના દૃઢ બની. વિશ્વાસ અને નિશ્ચય વધતાં ચાલ્યાં. ઈશ્વરીય લગની અને અનુભવથી ભૌતિક સુખ-સાધનોનો પરિત્યાગ સાહજિકતાથી થઈ ગયો. પોતાના આ નવા અલૌકિક જીવનને ધારણ કરવામાં એમને પરિવાર તથા સમાજ તરફથી અનેક તકલીફો સિતમ સહન કરવાં પડ્યાં. પરંતુ હવે દીદી ભગવાનની સાચી ગોપિકા બની ગયાં હતાં.

તેઓ પોતાની વિલક્ષણ બુદ્ધિ, કાર્યક્ષમતા, અતૂટ નિશ્ચય, લગનીને કારણે દરેક ક્ષેત્રમાં અગ્રણી રહ્યાં. 1937માં જ્યારે બાબાએ મેનેજિંગ કમીટી બનાવી તેમાં મુખ્ય સભ્ય તરીકે દીદીજીને લેવામાં આવ્યાં.

દીદીજીની પરખ બુદ્ધિ અને નિર્ણય શક્તિ ઘણાં વિકસિત હતાં. આત્મબળ તથા આત્મવિશ્વાસ તથા સ્વમાનના તેઓ ઉદાહરણમૂર્ત હતા. દીદીજીએ ગીતાના મહાવાક્યો सर्व धर्मान् परित्यज्य मामेकम शरणं व्रज, દેહ સહિત દેહના સર્વ સંબંધોને ભૂલો... ને વ્યાવહારિક રૂપ આપ્યું હતું. દીદીજી સદાય કહ્યા કરતાં હતાં કે एक बाप दूसरा न कोई. એમનું જીવન એકરસ યોગ અને સર્વ સંબંધ બાબાની સાથે જોડીને એને સુંદર રીતે નિભાવવાનું એક પ્રત્યક્ષ પ્રમાણ હતું. એમના સંપર્કમાં આવનારાં એ અનુભવ કરતાં હતાં કે દીદી કેવું બાલક અને માલિકનું સમતુલન રાખે છે. બાપ, શિક્ષક, સદગુરુના રૂપમાં આજ્ઞાકારી, વફાદાર, ફરમાનબરદાર, ઈમાનદાર તથા ડગલે ડગલે શ્રીમતનું કઈ રીતે પાલન કરી શકાય તે માટે પોતાના જીવનને દર્પણ બનાવીને તેઓએ બીજાઓને બતાવ્યું.

પોતાની આ સર્વ વિશેષતાઓને લીધે દીદીજીએ સર્વનું મન મોહી લીધું અને બાબાએ નામ રાખ્યું. 'મનમોહિની' પ્રેમથી મોટી બહેન અથવા માના રૂપથી સ્થૂલ સૂક્ષ્મ, સર્વ આત્માઓની પાલના કરવાને લીધે સૌ એમને દીદી કહીને સંબોધતાં હતાં. જો કે દીદી સર્વ પ્રિય હતાં પરંતુ કોઈને પોતાના પ્રભાવમાં આવવા દેતાં નહોતાં પણ સર્વનો બુદ્ધિયોગ શિવબાબા તરફ વાળતાં. દીદી કહેતાં કે न प्रभाव में आओ न प्रभावित करो. गुणदाता से ही सर्व संबंध जोडो. જે રીતે સ્વયં સચ્ચાઈ સફાઈવાળાં હતાં એ રીતે જ અનેક આત્માઓને તેવા બનવાની પ્રેરણા આપતાં. તેઓને નાના મોટા, વૃદ્ધ યુવાન, સર્વ વર્ગના આત્માઓ સાથે હળીમળી જતાં કોઈ તકલીફ નહોતી લાગતી. તેથી તેઓ સૌના सखी બની જતાં અને સૌ એમને सखी રૂપથી જ જોતાં.

નેતૃત્વની શક્તિ, પ્લાનીંગ બુદ્ધિ, અનુભવીમૂર્ત, તીક્ષ્ણબુદ્ધિ, દરેકની વિશેષતાઓનો લાભ લેવાની કલાવાળાં, નિર્ભયતા, સ્પષ્ટતા અને ઉદાહરણમૂર્ત હોવાને લીધે બાબાએ 1969માં દીદીને સંયુક્ત મુખ્ય પ્રશાસિકાના પદે સમગ્ર યજ્ઞને સંભાળવા માટે નિમિત્ત બનાવ્યાં. સમગ્ર ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં પ્રમુખ હોવા છતાં દીદીજીમાં ઘણી જ નમ્રતા, ગંભીરતા તથા રમણિકતાના ગુણો હતા. દત્તાત્રેયની જેમ સર્વ પાસેથી તેઓ ગુણ ગ્રહણ કરતાં. દીદી કહ્યા કરતાં बडे तो बडे छोटे सुभान अल्लाह. હંસની જેમ ગુણગ્રાહક દૃષ્ટિ હોવાને લીધે તેઓ સર્વ ગુણસંપન્ન બની ગયાં. જ્યાં સુધી જીવવાનું છે ત્યાં સુધી ઈશ્વરીય જ્ઞાન ભણવાનું છે, શીખવાનું છે - એ તેમનું ધ્યેય હતું. તેઓ મહાન શિક્ષિકા, કન્ટ્રોલર અને પ્રશાસિકા હતાં. પરંતુ

**(અનુસંધાન પેજ નં. 11 પર)**

# કર્મ સિદ્ધાંત

## બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



ભગવાને જે સમજાવ્યું છે અને આજ સુધી આપણે જે જાણીએ છીએ તે સિદ્ધાંત છે જેવું કરશો તેવું પામશો. જેવું કરશે એને સ્પિરિચ્યુઅલ લો કહો, યુનિવર્સલ લો ઓફ કર્મ એ તો સત્ય છે કે એમાં ભગવાન કંઈ કરતા નથી. આપણું કર્મ જ એ નક્કી કરે છે કે દરેક કર્મનો જે પ્રત્યુત્તર છે તે આપણને જ પ્રાપ્ત થાય છે. જેવું કરશો તેવું મેળવશો. આ અટલ નિયમ છે. આ નિયમને કોઈ બદલી શકતું નથી. સંસારની કોઈપણ શક્તિ એને બદલી શકતી નથી. જો આપણે કર્મ સિદ્ધાંતને સમજીશું તો કર્મ કરતાં પહેલાં જાગૃતિ આવી જશે.

કર્મ કોઈને છોડતું નથી. એમાં ભગવાનનો પણ કોઈ રોલ નથી. મને મહાભારતનો એ પ્રસંગ યાદ આવે છે. જ્યારે પાંડવોમાંથી અર્જુન અને કૌરવોમાંથી દુર્યોધન બંને ભગવાન પાસે મદદ માગવા જાય છે. એ સમયે ભગવાન સૂતા હતા. ત્યારે દુર્યોધન મસ્તકના ભાગે અને અર્જુન પગના ભાગે ઊભો રહ્યો. જેવી ભગવાનની આંખો ખૂલી તો સામે અર્જુનને જોયો. અર્જુનને કહ્યું, તું ક્યારે આવ્યો ? દુર્યોધને કહ્યું કે હું પહેલાં આવ્યો છું. તો પહેલાં મને માગવાનું કહેવામાં આવે. અર્જુને દુર્યોધનને કહ્યું, સારું તમે માગી લો. એ સમયે ભગવાને એ કહ્યું કે એક તરફ હું છું અને બીજી તરફ મારી અક્ષૌહિણી સેના છે. તમારે શું જોઈએ, બોલો. એમાં એક વાક્ય ઉમેર્યું. કે જે તરફ હું રહીશ તેમાં હું શસ્ત્ર હાથમાં લઈશ નહીં. હું યુદ્ધ કરીશ નહીં. હું સારથી અવશ્ય બની શકું છું. સારથી બનીને રથ ચલાવીશ. જીવન પણ એક સંઘર્ષ છે જ્યાં દરેક વ્યક્તિને યુદ્ધ કરવું પડે છે. આ યુદ્ધમાં તે સારથી બની શકે છે પણ આપણા બદલે તેઓ યુદ્ધ કરતા નથી. તેમાં કર્મની ગુહ્ય ગતિ રજા આપતી નથી.

ભગવાને કહ્યું છે તમારા જીવનનું યુદ્ધ તમારે જ લડવું પડશે. હું સારથી બનું, માર્ગદર્શન અવશ્ય આપું પણ તમારા બદલે હું યુદ્ધ કરું તે શક્ય નથી. તો ભગવાન આપણા કર્મમાં દખલ દેતા નથી. એવો કાયદો જ નથી. આપણા જીવનનું યુદ્ધ આપણે જ લડવું પડશે. એમાં પાછલા જન્મોનાં કર્મો એ નક્કી કરે છે કે ક્યા પ્રકારનો જન્મ હશે. કેવા પરિવારમાં જન્મ થશે. ક્યા પ્રકારની જીવનયાત્રા હશે. આપણી જીવનયાત્રાને આપણાં કર્મ જ નક્કી કરે છે. તો આપણે સ્વયંને જોઈએ. જીવનની કક્ષા સારી છે. સારા ઘરમાં સારું શિક્ષણ મેળવીને મોટા થયા, આપણું જીવન સભ્યતાપૂર્ણ છે તો જીવનમાં આપણે ભાગ્યશાળી છીએ. તે સારાં કર્મોનું ફળ છે. આ જીવનમાં એવું કોઈ કર્મ ના કરીએ જેથી આવનાર જીવન તકલીફોવાળું બને. આપણાં કર્મો એવાં હોય કે આપણી આગળની જીવનયાત્રા સારામાં સારી હોય. કર્મના સિદ્ધાંતને બુદ્ધિમાં રાખીને આપણે આગળ વધી શકીએ છીએ. તેથી દરેક સમયે જાગૃતિ રાખીને કર્મ કરીએ.

**॥ ઓમશાંતિ ॥**

# પતનનું જતન

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

આજે તટસ્થ થઈને ચારે બાજુના સંસારને જોઈએ તો જોવા મળે છે કે આપણે ઉત્થાનને બદલે પતનનું જતન કરી રહ્યા છીએ. દરેક ઉન્નતિ થાય તેવું ઈચ્છે છે. પણ આપણે જાણે અજાણ્યે પતનની તરફ જઈ રહ્યા છીએ. આપણે કહીએ છીએ કે આપણે મનુષ્યે જે પ્રથમ અણુબોંબ બનાવ્યો હતો તે બીજા વિશ્વયુદ્ધ વખતે તેનાથી જે વિનાશ થયો તે પણ આપણે જોયો હતો. એની ભયાનકતાનો અંદાજ તથા અનુભવ રાજનેતાઓ અને વૈજ્ઞાનિકોને આવી ગયો હતો આમ છતાં વિનાશકાળે વિપરીત બુદ્ધિ માનવ વધારે શક્તિશાળી શસ્ત્રોનું નિર્માણ કરવા તરફ આગળ વધી રહ્યો છે. ચીજો, મકાન સલામત રહે અને માનવ ખતમ થઈ જાય એવા કેમિકલ્સ બોંબ પણ બનાવવામાં આવ્યા છે. તો આ શું છે ? આ પતનનું જ જતન છે. આપણે મહાવિનાશના મુખમાં જવાની તૈયારીઓ તીવ્ર ગતિથી કરી રહ્યા છીએ.

## આપણા ઉપર ભૌતિકતાનું ભૂત છવાયેલું છે.

સંસારનો ખેલ આત્મા રૂપી પુરુષ અને પ્રકૃતિનાં પાંચ તત્ત્વોથી બનેલો છે. પ્રકૃતિ આપણા ભૌતિક અસ્તિત્વને ટકાવી રાખવા હવા, પાણી, ખોરાક, કપડાં, મકાન આપે છે. સંસારમાં જેટલી પણ ચીજો, સાધન, વૈભવ, પદાર્થ આપણે જોઈએ છીએ તે આ પાંચ તત્ત્વોમાંથી બને છે. કહેવાનો મતલબ એ છે કે વિશ્વનાટકમાં પ્રકૃતિ માનવ આત્માઓની સહયોગી છે. બીજા શબ્દોમાં કહીએ તો આપણે - ચૈતન્ય શક્તિ આત્માઓની અભિવ્યક્તિ શરીરના માધ્યમથી થાય છે. આપણે આ સૃષ્ટિ ખેલના અભિનેતા જ્યારે પ્રકૃતિનો સહયોગ હોય ત્યારે જ બની શકીએ છીએ. આમ છતાં આપણે કહેવું પડશે કે માનવ જીવનની દરેક પળની સાથી સહયોગી એવી પ્રકૃતિની સાથે આપણે કેવો વ્યવહાર કરી રહ્યા છીએ. આપણે આપણાં લોભ, લાલચ, સ્વાર્થ, ધનલોલુપતા, બેદરકારીને કારણે પ્રકૃતિને પ્રદૂષિત કરીએ છીએ. આપણે પ્રકૃતિનું એટલું દોહન કર્યું છે કે આજે પર્યાવરણીય અસમતુલા જન્મી છે. એના પરિણામ સ્વરૂપે પ્રાકૃતિક આપદાનો પ્રકોપ વધતો જ રહ્યો છે. જે માનવ એટલો વિવેક શૂન્ય બની ગયો છે કે પ્રદૂષણના કેન્દ્રબિંદુ, ઉદ્દગમ બિંદુ પોતાના મનને શુદ્ધ, શ્રેષ્ઠ અને શુભ બનાવવા તૈયાર નથી. આપણે તો આપણા મનને સાધન અને સમૃદ્ધિ મેળવવાની સાધનામાં રોકી દીધું છે. ખોટાં સાધનો અને ખોટા ઉપાયોથી આપણે પોતાની કમાણી વધારવાનું ઈચ્છીએ છીએ. પરંતુ પોતાની દૈહિક, ભૌતિક ઈહલૌકિક કામનાઓને સંયમિત કરીને સાદું, સરળ, સાત્ત્વિક જીવન જીવવા ઈચ્છતા નથી. એવું લાગે છે કે ભૌતિકતાનું ભયાનક ભૂત, વાસનાનું વિકરાળ રૂપ અને અશ્લીલતાનો અસુર આપણા ઉપર પ્રભાવ પાડી રહ્યો છે અને ઘણી ઝડપથી આપણે પતનની ખાઈ તરફ જઈ રહ્યા છીએ.

## ઝેરીલું ચક્રવ્યૂહ

વૈભવનો વિકાસ થવાથી માનવ ગંદી ટેવોનો પણ શિકાર બનતો જઈ રહ્યો છે. ખોટા ખર્ચાઓ વધી રહ્યા છે. ખરેખર તે એવા ઝેરીલા ચક્રવ્યૂહમાં ફસાઈ ગયો છે કે ના ખાવા યોગ્ય ચીજોનું તે ભક્ષણ કરવા લાગ્યો છે. જે પાંદડાઓ (તમાકુ)ને જાનવર પણ સૂંઘતાં નથી, તે સર્વશ્રેષ્ઠ બુદ્ધિશાળી માનવ એને ખાય છે, સૂંઘે છે, ફૂંકે છે અને પોતાના

દિલ-દિમાગને અસંતુલિત, અવિવેકી બનાવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ ચીજો પર પણ લખ્યું હોય છે કે 'સ્વાસ્થ્ય માટે હાનિકારક છે' છતાં પણ ભણેલો ગણેલો માનવ તેની ચુંગાલમાં ફસાતો જઈ રહ્યો છે. બીજું તો એકબાજુએ રહ્યું પણ દેશ અને નાગરિકોની જવાબદારી જેના શિરે છે તે સરકાર આ નુકસાનકારક ચીજોનું ઉત્પાદન, આયાત્-નિકાસ કરતી રહે છે. વ્યાપાર-ઉધોગ કરનાર લોકો પણ પોતાની સામાજિક અને નૈતિક જવાબદારીઓને કોરાણે મૂકીને માનવજાતિ માટે મોતનો સામાન તૈયાર કરી રહ્યાં છે.

## મૂર્ખતાની પરાકાષ્ઠા

ગીત-સંગીત, નૃત્યકલા, સાજ શણગાર, સૌંદર્ય યૌવન વગેરેનું સર્જન માનવજીવનને સરસ અને સુંદર બનાવવામાં જ કરવામાં આવ્યું પરંતુ દેહઅભિમાની મનુષ્યે દૈહિક આકર્ષણ, કામ-વાસનાયુક્ત માનસિકતાવશ અશ્લીલ પ્રદર્શન કર્યું. તેના પરિણામે વૃત્તિઓનું બહેકી જવું, ચરિત્રહીનતા, અસંયમિત કર્મ અને વ્યવહાર વગેરે પરિણામ સામે આવ્યાં છે. ચિત્રો, ચલચિત્રો, અખબારો, માસિક પત્રિકાઓ, સોશ્યલ મીડિયાના માધ્યમથી રજૂ થતાં દેહપ્રદર્શનો, અશ્લીલ વર્તાવનાં દૃશ્યો જોઈને માનવ સ્વયં પર નિયંત્રણ ગુમાવી બેઠો, જેને કારણે યૌનશોષણ, બળાત્કાર, અપહરણની વિકૃત ઘટનાઓ બનવા લાગી છે. જરા વિચારો, આપણે જ સર્જક, આપણે જ દિગ્દર્શક, આપણે જ કલાકાર અને આપણી બનાવેલી કૃતિ આપણા જ ચરિત્ર અને સંસ્કારોને બગાડનાર હોય તો તેને મૂર્ખતાની પરાકાષ્ઠા જ કહીશું.

## સંબંધ અને બંધન

સરવાળે આપણે સ્વયં જ સ્વયંને જંગલી બનાવવા માટે તૈયાર થયા છીએ. ઈન્દ્રિયોના રસાસ્વાદની, હિંસા, છળ, કપટની વૃત્તિઓને ઉશ્કેરીને ચિત્રો, પુસ્તકો દ્વારા માનવમનમાં કામવિકારનો અગ્નિ પ્રગટાવીને આપણે માનવજીવનને જીવતાં જ બેહાલ કરી રહ્યાં છીએ. આજ પતનનું આવાહ્ન છે, પતનની જ આરાધના છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. એમાં ભાવ છે, ભાવનાઓ છે, સંવેદનાઓ છે. તે એકલો જીવી શકતો નથી. એને કારણે આપણે અનેક સંબંધોમાં બંધાઈ રહ્યા છીએ. આપણે પરિવાર રચીએ છીએ, આપણે મિત્રમંડળ બનાવીએ છીએ, સમાજનું નિર્માણ કરીએ છીએ. જીવનનાં સમસ્ત કાર્યોમાં જેમ કે સફાઈ, ભોજન, વસ્ત્ર, શિક્ષણ, સ્વાસ્થ્ય, કારોબાર, વાહન વ્યવહાર, ધનોપાર્જન, સ્વઉન્નતિ વગેરેમાં આપણને વ્યક્તિઓ, સંસ્થાઓ, વ્યવસ્થાઓના સહયોગની જરૂર પડે છે. પરંતુ આજે આપણે અહમ અને વહમને કારણે, વ્યગ્રતા અને ઉગ્રતાના કારણે, જોશ અને આવેશને કારણે, લગાવ અને ટકરાવના કારણે, આ સંબંધોને દુઃખ, કલહ-કલેશ મતભેદને કારણે બંધનોમાં બાંધી દીધા છે. વાણીની મધુરતા, વ્યક્તિત્વની સંવાદિતા, સંબંધોની વફાદારી, જેવા સદ્ગુણોનો અભાવ હોવાના કારણે પરિવાર તૂટી રહ્યાં છે. દિલો-દિલો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. સામાજિક માળખું તૂટી રહ્યું છે. વરિષ્ઠો, બુઝુર્ગો, અનુભવીઓની છત્રછાયા લોકોએ ફગાવી દીધી છે. આપણે સ્વતંત્રતાના બહાને સ્વચ્છંદ બની રહ્યા છીએ. નવી પેઢીનાં બાળકો, સ્નેહ અને સુસંસ્કારોની પાલનાથી વંચિત બની રહ્યા છે. અપરિપક્વ મનોદશાને કારણે અનેક પ્રકારના અનૈતિક કર્મોના શિકાર બની રહ્યા છીએ. તેના પરિણામે માનવ ન ઘરનો ના ઘાટનો રહ્યો છે. તે જીવન સમાપ્ત કરવાના પ્રયાસો કરવા લાગે છે.

## સુખનાં ફળો મેળવવા માટે કર્મ અને ધર્મનો સમન્વય જરૂરી છે.

માનવ શુભભાવના, સદ્‌વિચાર, સદ્‌ગુણ, સદ્‌વ્યવહારની ધારણાઓ ઉપર ધ્યાન ન આપવાથી સ્વયં સ્વનાશ અને સર્વનાશ કરવા તરફ જઈ રહ્યો છે. આપણે આપણો જ જીવન ઉદ્યાન વિખેરવા લાગ્યા છીએ. પરિવાર સંસ્થાને નષ્ટ કરીને સમાજને નરક બનાવી રહ્યો છે. છેવટે આપણે તમાશા જ જોયા કરીશું, કોઈ સારું પરિણામ મેળવી શકીશું નહીં. જીવનમાં કર્મની સાથે ધર્મનું પણ ઘણું મહત્ત્વ છે. આપણે જે કંઈ મેળવીએ છીએ તે કર્મબળથી મેળવીએ છીએ. ધર્મની ધારણાઓનો કર્મમાં સમન્વય કરીશું.

## ધર્મ તેના મૂળ ઉદ્દેશ્યથી વિચલિત થયો છે

આધ્યાત્મિક જ્ઞાન અને યોગ આપણને અંતર્મુખી બનાવી પરમાત્મા તરફ લઈ જાય છે. ધર્મ આજે પોતાના મૂળ ઉદ્દેશ્યોથી દૂર થઈ ગયો. બાહ્ય ક્રિયાકાંડ, સાધનસામગ્રી, વિવિધ વિધિઓ, વિદ્વતા, પાંડિત્યમાં ધર્મ અટવાઈ ગયો છે. આમ છતાં સત્યને સ્વીકારવા આપણે તૈયાર નથી. લોકોની શ્રધ્ધાનો ખોટો લાભ ઉઠાવનાર બન્યો છે. ધર્મમાં જીવનનિર્વાહને સાધન બનાવનાર, ભયથી ભક્ત બનાવનાર લોકો પણ છે. ધર્માધિકારીઓનું કર્તવ્ય છે ધર્મ ભીરુઓને માયાના મદહોશમાંથી જગાડવા અને એમને સારા માર્ગે વાળવા પરંતુ દુઃખની વાત છે કે કોઈ કોઈ વખત તેઓ જ માયાવી બની જાય છે અને પાપલીલા કરતા રહે છે. એનાથી યે વધારે દુઃખની વાત એ છે કે પાપ ફૂટ્યા છતાં પણ સત્યને સમજવા અને સીધો પરમાત્મા સાથે સંબંધ જોડવા તૈયાર નથી એને શું કહીશું ?

આમ છતાં આપણે જાગીને જૂઠનો બહિષ્કાર કરવા માટેની હિંમત કરતા નથી. જૂઠા લોકોના પૂજારી બનીને રહીએ છીએ. એ કેવા આશ્ચર્યની વાત છે કે ધર્મ રૂપી સાધન દ્વારા આત્મજાગૃતિ કરવાના બદલે, ઊર્ધ્વગામી બનવાના બદલે આપણે અવનતિને નિમંત્રણ આપી રહ્યા છીએ, અધમગતિને પામી રહ્યા છીએ.

પાઠક મિત્રો, સુજ્ઞ આત્મીયજનો, ભિન્ન ભિન્ન ક્ષેત્રોનું દિશાદર્શન કરાવીને એ અનુભૂતિ કરાવવા ઈચ્છું છું કે આપણે જાણે અજાણ્યે પતનનું જતન કરી રહ્યા છીએ. સંસારચક્રના અંતિમચરણમાં આપણે પહોંચી ગયા છીએ. જ્યાં સર્વનાશ જ દૃષ્ટિગોચર થાય છે.

હજુ પણ સમય છે. હજુ પણ આપણે સ્વયંને બચાવી શકીએ છીએ. અત્યારે આપણે જાગી જઈએ. સત્યજ્ઞાનનો પ્રકાશ મેળવી લઈએ. કલ્યાણકારી પરમપિતા અત્યારે પણ આપને તારવા અને પાર ઉતારવા તૈયાર છે. આપણે એમનો હાથ પકડી લઈએ. ચાલો, કલિયુગથી મુક્ત બનીને આપણે સતયુગથી સંબંધ જોડીએ.

**॥ ઓમશાંતિ ॥**

---

- **જેને સ્વમાનનું અભિમાન નથી તે સદા નમ્રચિત રહે છે.**
- **ધર્મમાં સ્થિત થઈને કર્મ કરનાર જ ધર્માત્મા છે.**
- **સ્વ ચિંતન અને પ્રભુ ચિંતન કરો, તો વ્યર્થ ચિંતન એની મેળે દૂર થશે.**
- **બુદ્ધિમાં જ્ઞાન રત્નોને ગ્રહણ કરવાં અને કરાવવાં એજ હોલીહંસ બનવું છે.**

## દિવ્યદર્શન

# દીદી મનમોહિનીજીની વિશેષતાઓ

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

બ્રહ્માકુમારીઝ સંસ્થાના આદિરત્નોમાં એક અજોડ નામ દીદી મનમોહિનીજીનું વિશેષ છે. તેઓનો પાર્ટ યજ્ઞ ઈતિહાસમાં સાકાર પિતાશ્રી બ્રહ્માબાબા અને પિતાશ્રીના અવ્યક્ત થયા પશ્ચાત અનોખો રહ્યો છે. તેમનું મૂળ લૌકિક નામ 'ગોપી' હતું પરંતુ અવ્યક્ત નામ 'મનમોહિની' બાબાએ વતનથી આપેલ. લૌકિક અને અલૌકિક બન્ને નામ તેવા જ ગુણ અને વિશેષતાઓથી સંપન્ન એવા દીદી મનમોહિનીજીના 36મા સ્મૃતિ દિવસે તેઓની વિશેષતાઓને યાદ કરી તેમને સાચા હૃદયથી સ્નેહ સુમન અર્પણ કરીએ.

### દીદી મનમોહિનીજીની વિશેષતાઓ

1. કોઈપણ કાર્ય દીદીજી પહેલા પોતે જાતે જ કરતા હતા, ત્યાર બાદ તેઓ અન્ય પાસે કરાવતાં હતાં. તેમની વિશેષતા એ હતી કે, જે કહેવાનું છે તે જ કરવાનું છે. તેઓ પોતાના કર્મ દ્વારા બીજાઓને શીખવતા. યોગનો ચાર્ટ, યજ્ઞની સેવા બધું જ એક્યુરેટ રાખતાં હતા. સાફ-સુફીમાં તેઓ અવ્વલ નંબર હતાં.

2. દીદી નંબરવન સ્ટુડન્ટ હતાં. તેઓએ સાકાર બાબાને સંપૂર્ણપણે ફોલો કર્યા હતા. સમયસર આવવું, ખૂબ જ લગનથી અધ્યયન કરવું (મુરલી સાંભળવી), મુદ્દાઓ ડાયરીમાં નોંધવા અને બાબા જે કહે તે તરત જ કરવું. છેક અંતિમ સમય (જ્યાં સુધી સ્વસ્થ હતાં) સુધી તેઓ ચશ્મા, પેન અને ડાયરી લઈને જ મુરલી ક્લાસમાં આવતા રહ્યાં. મુરલીમાં સારા-સારા પ્રશ્નો શોધીને કાઢતા. ત્યાર બાદ અંદરો-અંદર સૌ સાથે જ્ઞાન-ચર્ચા કરતા હતા. રાત્રે એક બહેનને રૂમમાં બોલાવીને કહેતા કે, આજે જે પ્રશ્નો તમે મુરલીમાંથી શોધીને કાઢ્યા તે મને સંભળાવો. ત્યાર બાદ જે પાર્ટીવાળા તેઓને મળવા માટે આવતા તેઓને પ્રશ્ન પૂછીને બહેલાવતા પણ હતાં. શ્રીમત પર ચાલવાની ખૂબ અદ્દ્ભુત શક્તિ દીદીની અંદર હતી. દીદીનું સમગ્ર જીવન પ્રત્યેક કદમ બાબાની શ્રીમત અનુસાર જ. તેઓ ચાલીને આપણા સૌ સામે એક ઉદાહરણ સ્વરૂપ બની ગયાં.

3. તેમનો બાબા પ્રત્યેનો નિશ્ચયનો પાયો ખૂબ જ પાકો અને ઉંડો હતો.

4. સમર્પિત તો હતાં, પરંતુ સંપૂર્ણ સમર્પિતભાવ તેમનાં રગે-રગમાં સમાયેલ હતો. યજ્ઞમાં સમર્પણ થયા બાદ તેઓએ ક્યારેય લૌકિક ઘર તરફ કે ધન-દોલતની તરફ તેઓ આકર્ષાયા નહીં.

5. દીદી જેઓને પણ મળતાં, તો તે દરેકને એમ કહેતા કે - તમે મારી સખી (બહેનપણી) છો. કદાચ નાની બહેન હોય કે તેઓથી ઉંમરમાં મોટા હોય પણ તેઓના સખીપણાના ભાવથી સામાવાળાનું દિલ તેઓ જીતી લેતાં.

6. તેઓ દરેક વ્યક્તિનાં ગુણોને જોતા. જો કોઈ સરસ ભાષણ કરે તો ઝટ દીદીનું ધ્યાન તે તરફ જાય અને કહે કે, જુઓ તેઓએ ખૂબ જ સારું ભાષણ કર્યું. કોઈએ કોઈ સારું કામ કર્યું હોય તો, તે આત્માનો ઉત્સાહ વધારવા માટે તેને અચૂક શાબાશી અને પ્રોત્સાહનનાં બે બોલ કહી, તે

આત્માનો ઉત્સાહ વધારતાં. દીદીજી દરેકના ગુણોને જોઈ પોતાનામાં અપનાવી લેતાં એટલે કે દીદીજી બધાંના ગુણોની ચોરી કરી લેતાં.

7. સૌગાત આપવાની પણ દીદીજીમાં અદ્દ્ભુત કળા હતી. બાબાના ઘરે બાળકો તો આવતાં જ રહેતા હોય છે. તેઓને મીઠા વચન કહીને ખૂબ જ પ્રેમથી સૌગાત આપતાં. ડાયરી-પેન આપતાં તો ત્યારે ડાયરીના પાનાં ખોલીને તેમાં લખેલ સ્લોગન વાંચીને સંભળાવતા અને કહેતાં કે, જુઓ કેટલું સરસ સ્લોગન છે. ત્યારબાદ કહેતાં કે આ સ્લોગનમાંથી શું પ્રેરણા મળી ? આવી રીતે જ્ઞાન આપી જ્ઞાનયુક્ત સૌગાત આપતાં.

8. કદાચ દીદીજીથી ક્યારેક કોઈ નાની-મોટી ભૂલ થઈ જાય તો તેઓ તેમનાંથી નાની ઉંમરના વ્યક્તિની સામે પણ પોતાની ભૂલ કબૂલ કરવામાં ખચકાતાં ન હતાં. તથા તે આત્માને એમ પણ કહેતા કે મેં આ ભાવથી વાત કહી હતી પરંતુ જો આપને દુઃખ થયું હોય તો ભૂલી જશો.

9. દીદી સાચે મસ્તાની ગોપીકા હતાં. બાબા સાથે તેમનો અતૂટ સ્નેહભાવ હતો જે તેમની નજરોમાં એક બાબા જ સદાય વસતા રહેતા. દીદીજીનાં દિલમાં એક બાબા સિવાય કોઈ ન હતું. બાબાના પ્રેમમાં ક્યારેક ક્યારેક ડાન્સ (અલૌકિક નૃત્ય) પણ કરતાં તો સેમીટ્રાન્સમાં જઈ લવલીન (મગન) થઈ જતાં.

10. દીદી સાચા પતિવ્રતા, સતીવ્રતા, પિતાવ્રતા હતાં. સદાય તુમ્હીં સંગ ખાઉં, તુમ્હી સંગ બેઠું, તુમ્હીં સંગ-રાસ કરું - એવા એકવ્રતા થઈને, સદા એકના જ ગુણગાન ગાઈ, આજ્ઞાકારી, વફાદાર, પ્રમાણિક બનીને રહ્યાં. ક્યારેય કોઈ વસ્તુ કે વ્યક્તિની તરફ આકર્ષિત થયા ન હતાં.

11. દીદી એ ક્યારેય કોઈ મોટા મંચ પર જઈને પ્રવચન કે સંદેશો નહોતો આપ્યો. પરંતુ તેઓ એક-એક આત્માને ખૂબ જ દિલથી પાલના આપી સ્નેહની ભાસના આપતાં. અને દરેકનો પ્રેમ એક બાબાની સાથે જોડાવતાં. દરેક આત્માને તેઓએ નિસ્વાર્થ પ્રેમ આપી એક બાબા સાથે સર્વનું કનેક્શન જોડતાં. જેથી કોઈ વ્યક્તિમાં તેઓની બુદ્ધિ ના ફસાઈ જાય.

12. દીદીની બુદ્ધિ એટલી સ્વચ્છ અને સ્પષ્ટ હતી કે, તેમની સામે કોઈ પણ પ્રકારનો આત્મા આવતો તો તેઓ તેને તરત જ પારખી લેતાં અને તેની દરેક આવશ્યકતાઓને પૂર્ણ કરી તેને બાબાનાં બનાવી દેતાં. દીદીની વાતચીત કરવાની ઢબ એવી અજબ હતી કે મોટા-મોટા વરિષ્ઠ અતિથિઓ દીદીજીને મળ્યાં પછી તેઓ નિયમિત વિદ્યાર્થી બની જતાં.

ઈ.સ. 28 જુલાઈ, 1983માં મુંબઈમાં ટૂંકી માંદગી બાદ ભૌતિક દેહનો ત્યાગ કરી અવ્યક્ત વતનવાસી બન્યા. દીદીજીનો અદ્દ્ભુત, નિઃસ્વાર્થ, દિવ્ય પ્રેમ-પાલના તો સંગમયુગમાં અવિસ્મરણીય બની ગઈ. દીદીજી, આપને કોટી-કોટી વંદન.

**॥ ઓમશાંતિ ॥**

- **જેની ઉપર બાપદાદાના સ્નેહની છત્રછાયા છે તે ભાગ્યવાન આત્મા છે.**
- **જેની સાથે હજારભુજાઓવાળા પરમાત્મા પિતા છે તેઓ કદી હતાશ થઈ શકતા નથી.**
- **કર્મભોગનું વર્ણન કરવાને બદલે કર્મયોગની સ્થિતિનું વર્ણન કરો.**
- **જ્ઞાની અને યોગી આત્માનું વાસ્તવિક સ્વરૂપ નમ્રતા અને નિર્ભયતા છે.**
- **જેની પાસે સર્વશક્તિઓનો સ્ટોક છે, પ્રકૃતિ એની દાસી બની જાય છે.**

# શું આપણે ઈશ્વરનાં આજ્ઞાકારી સંતાન છીએ ?

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

વિદ્યા વિનયથી શોભે છે. એક કહેવાય છે. આપણે ઈશ્વરીય વિદ્યાલયમાં ઊંચામાં ઊંચુ ભણતર એટલે ભગવાનનું ભણતર ભણીએ છીએ. ભગવાન આપણને આત્મવિદ્યા શીખવે છે. આ વિદ્યાને શોભાવે એવો વિનય આપણે દાખવીએ છીએ ખરા ?

ઈશ્વર ખુદ જ્યારે આપણા પરમપિતાને નાતે સ્નેહથી પરમશિક્ષક બની ગીતા જ્ઞાન ભણાવે અને આપણે એમની આજ્ઞાનું પાલન ન કરીએ તો શું આપણે ઈશ્વરનાં સપૂત સંતાન કહેવડાવવાને લાયક ઠરીશું ?

જે વિદ્યાર્થી વિનય ચૂકે અને શિક્ષકની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને અવિનય દાખવે તો તેને શું આદર્શ વિદ્યાર્થી કહેવાય ?

ઈશ્વરની પહેલી આજ્ઞા છે કે, 'બાળકો, પોતાને આત્મા સમજીને મને યાદ કરો.' શું આપણે ઈશ્વરની આ પ્રથમ આજ્ઞાનું પાલન કરીએ છીએ ખરા ? પોતાને દેહ સમજીએ તો ત્યાં જ આપણી ભૂલ થાય છે. દેહ ભાન હોય ત્યાં આત્મભાન ક્યાંથી આવે ? અને આત્મભાન કેળવ્યા વિના ઈશ્વરની યાદ ક્યાંથી આવે ?

હું શરીર નથી પણ તેને ચલાવનાર અજર અમર આત્મા છું એ જ્ઞાન હોય પણ તેનો અમલ ન હોય તો આપણા વર્તનમાં ગરબડ થઈ જાય જેમ કે અન્ય આત્મા સાથે ભાઈચારો ન રાખી શકીએ તે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યાનું પરિણામ છે. વળી યોગ લાગતો નથી તેથી આપણાં વિકર્મો દગ્ધ થતાં નથી.

ઈશ્વરે તો સર્જ્યુ છે સુખ પરંતુ મન મનનું ખોળી લે છે દુ:ખ. એમાં ઈશ્વર શું કરે ? તેમણે તો તેમની પહેલી આજ્ઞામાં જ આપણને રાજયોગનો રાજમાર્ગ બતાવ્યો પરંતુ આપણે એ માર્ગે ચાલીએ જ નહિ તો કોનો વાંક કહેવાય ?

જ્યાં સુધી આત્મવિદ્યા ભણવાની લગની ન લાગે ત્યાં સુધી આપણું જીવન સાર્થક થતું નથી. તેથી તો ગવાયું છે કે. 'જબ તક ના લગન હો સીનેમેં, બેકાર હૈ ઐસે જીને મે' નિરર્થક જીવન જીવવાની મજા આવતી નથી દૃષ્ટાંત વિના સિદ્ધાંત સમજાતો નથી. જેણે ઈશ્વરની આજ્ઞાનું પ્રખર પાલન કરીને પોતાનું જીવન સાર્થક કર્યું. એવા ઈશ્વરના પ્રથમ નંબરના આજ્ઞાપાલક પ્રજાપિતા બ્રહ્માનું ઉદાહરણ જોઈએ. તેમણે પોતાના બેનમૂન પુરુષાર્થથી પ્રથમ નંબર મેળવી 'શ્રીકૃષ્ણ'નું સર્વશ્રેષ્ઠ સતયુગી પદ પ્રાપ્ત કર્યું.

જેમ લૌકિક ભણતરની શરૂઆતમાં એકડો શીખવાય છે. આ એકડો પાકો કરવા તેને ઘૂંટવાનું કહેવાય છે - શિક્ષકે લખી આપેલ એકડાની માથે માથે ઘૂંટી ઘૂંટીને જાડો કરી દેવાય છે. આમ એકડો પાકો થઈ જાય. આવડી જાય પછી જ બગડો શીખવાય છે.. તેમ આત્મ વિદ્યામાં ઈશ્વરે એકડો શીખવતાં કહ્યું કે, 'પોતાને માત્ર આત્મા સમજો.' આ એકડો શીખવા માટે - તેને પાકો કરવા માટે પ્રજાપિતા બ્રહ્માએ જે લગની બતાવી એ અદ્‌ભુત છે. 'હું આત્મા છું' એ સ્મૃતિ પાકી કરવા તેમણે એ વાતનું રટણ શરૂ કર્યું. 'હું આત્મા છું. શરીર નથી શરીર તો કાર્ય કરવાનું સાધન માત્ર છે.' જમવા બેસે તો કહે, 'હું આત્મા, મારા શરીરને ખવડાવું છું.' નહાવા બેસે તો કહે, 'હું આત્મા મારા શરીરને સાફ કરું છું.' ઘરમાં જે વ્યક્તિને જુએ તો મનમાં

કહે, 'આ જશોદા આત્મા છે. આ નારાયણ આત્મા છે.' આમ કરીને આત્મા-આત્મા ભાઈ-ભાઈની દૃષ્ટિ કેળવી. 'હું આત્મા ઈશ્વરનું સંતાન છું. ને એ પણ આત્મા ઈશ્વરનું સંતાન છે. લૌકિક સંબંધનો છેદ ઉડાડી દીધો ! અને અલૌકિક સંબંધ સ્થાપી દીધો. આવા આત્મભાનથી જ ઈશ્વરને યાદ કરી શકાય છે. કેમ કે ઈશ્વર નિરંજન નિરાકાર દિવ્ય જ્યોતિબિંદુ રૂપ છે તેને યાદ કરવા આપણે પણ પોતાને દિવ્ય જ્યોતિ બિંદુ બનવું પડે છે તેથી તો ગવાય છે કે, 'જો તુજ સા હો વો તુજે જાને.' આત્મા શરીરમાં બે ભૃકુટી વચ્ચે મસ્તકમાં હાઈપોથેલેમસ ગ્રંથિની બાજુમાં બિરાજે છે. આત્મિક સ્થિતિમાં સ્થિત થવાથી એકાગ્રતા આવે છે. ઈશ્વરને યાદ કરવા માટે પ્રજાપિતા બ્રહ્માએ જે મહેનત કરી છે તે ખરેખર અદ્‌ભુત છે. તેના પ્રમાણ રૂપે એમને મળવા આવનારને તેમના ભવિષ્ય પદ રૂપે શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર થવા લાગ્યા !

ઈશ્વરે પ્રજાપિતા બ્રહ્માને સાક્ષાત્કાર કરાવ્યા સ્વર્ગીય દુનિયાના અને કહ્યું કે, 'તારા દ્વારા હું આવી દુનિયાની સ્થાપના કરવા આ ધરતી ઉપર આવેલ છું.' કોઈ આપણને સારા કામ માટે નિમિત બનાવે તો આપણને કેવી ખુશી થાય છે ને ? આ તો સર્વશ્રેષ્ઠ સ્વર્ગના સર્જનનું કાર્ય ! આથી પ્રજાપિતાને મનમાં અહોભાવ થયો. કે, 'વાહ ! આવા ઉત્તમ, કાર્ય માટે ઈશ્વરે મને નિમિત્ત બનાવ્યો ?' આથી પોતાને 'ધન્ય' સમજી ઈશ્વરીય કાર્ય માટે પોતાના તન-મન-ધન સમર્પણ કરી દઈ તેનું ટ્રસ્ટ બનાવી માતાઓને સોંપી દીધું ! અને પોતે ઈશ્વરને યાદ કરવાની તપશ્ચર્યા આદરી દીધી. એમની આ લગનીથી આકર્ષાઈને જે ભાઈ બહેનોનું ઈશ્વરીય કાર્ય માટે સંગઠન થયું તે 'ઓમ મંડલી'ને નામે ઓળખાયું.

'હું આત્મા છું' એ નિશ્ચય પાકો કરવા અન્યને પણ સમજીને વ્યવહાર કરવાનો તથા આવા વાતાવરણમાં ઈશ્વરને યાદ કરવાની તપશ્ચર્યા 14 વર્ષ સુધી સતત ચાલી. કેમ કે સ્વર્ગનું પદ મેળવતા પહેલાં પોતાના જનમોજનમનાં જે પાપકર્મ છે તે આ ઈશ્વરીય યાદથી જ બાળવાનાં હોય છે. નરી આંખે જે દેખાય છે તેને તો આપણે સહેજે યાદ કરી શકીએ. આ તો જે અદૃશ્ય ઈશ્વર છે તેને યાદ કરવાના છે. બિંદુ સ્વરૂપને યાદ કરવું એ કંઈ જેવી તેવી વાત નથી. તેથી તો ગવાયું છે. ઈશ્વર જેવી નિરાકાર સ્થિતિ માટે મનની એકાગ્રતા જોઈએ. જેવું અન્ન એવું મન તેથી અન્નશુદ્ધિ રાખવાની ખાસ જરૂર છે.

પવિત્રતાના સાગર પરમાત્માને યાદ કરવા પવિત્રતાનું પાલન કરવું જોઈએ. લૌકિક દુનિયામાં વિજ્ઞાનનો નિયમ છે કે વિજાતીય ધ્રુવ એકબીજાથી આકર્ષાય છે. તો અલૌકિક દુનિયામાં અધ્યાત્મ વિજ્ઞાનનો નિયમ છે - સમાનતા એકબીજાનું આકર્ષણ કરે છે. તેથી ઈશ્વર પ્રત્યે આકર્ષિત થવા પવિત્રતા જરૂરી છે. એ દૃષ્ટિએ પ્રજાપિતા બ્રહ્માએ બ્રહ્મચર્યનું વ્રત લીધું. વળી ઈશ્વરીય જ્ઞાન અને યોગના વર્ગમાં કદી ગેરહાજર નહીં ! રોજ રોજ દિવ્યગુણોની ધારણા કરવા લાગ્યા. ઈશ્વરીય યાદ દ્વારા જનમોજનમનાં પાપ બાળતી અને દિવ્યગુણોની ધારણા કરાવતી અજબની ઈશ્વરીય યાદની સ્પર્ધામાં એવી તો દોડ લગાવી કે પ્રથમ નંબર લઈ લીધો ! પ્રજાપિતા બ્રહ્માના આ પ્રખર પુરુષાર્થને આપણે અનુસરીએ તો કેવું સારું !

॥ ઓમશાંતિ ॥

- **અમૃતવેળા વિશેષ પ્રભુપાલનાની વેળા છે.એનું મહત્ત્વ જાણીને પૂરો લાભ લો.**
- **જે મનની એકાગ્રતા દ્વારા સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે તે સિદ્ધિ સ્વરૂપ બને છે.**

# સમર્થ યુગ, સમર્થ પિતા, સમર્થ આત્મા

બ્ર.કુ. કેશુભાઈ પટેલ, મહાદેવપુરા, પ્રાંતિજ

આપણે સૌ આત્માઓ બાબાના બાળક બન્યા, બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણો બન્યા, બાબાના ગીતા જ્ઞાનયજ્ઞમાં સહયોગી થયા ત્યારથી, આપણું સૌનું લક્ષ્ય સ્વર્ણિમ સતયુગી દુનિયામાં જવાનું અને ઉચ્ચ પદ મેળવી સુખ શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર થવાના સંકલ્પો સેવીએ છીએ. માત્ર સંકલ્પો કરવાથી સિદ્ધિ મળતી નથી. સંકલ્પો સિદ્ધ કરવામાં વાતાવરણ, સહયોગ, પુરુષાર્થ, દુઆઓ, પ્રારબ્ધ, એવા અનેક પરિબળો ભાગ ભજવે છે. સામર્થ્યથી ભરપૂર થયેલો આત્મા જ સતયુગી વિશ્વમાં ઉચ્ચ પદ મેળવી શકે અને તે માટે કલ્યાણકારી સમર્થ યુગ, સમર્થ પિતાનો હાથ અને સાથ જ આત્માને સમર્થ બનાવી શકે અને તેવા જ આત્માનું લક્ષ્ય સિદ્ધ થાય.

## સમર્થ યુગ

પરમપિતા પરમાત્મા ભગવાન શિવ સંગમયુગે પ્રજાપિતા બ્રહ્માબાબાના તનમાં અવતરિત થઈ, અનેક આત્માઓને બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણ બનાવી રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞ ચલાવી રહ્યા છે. બ્રહ્મા વત્સોને રોજ રોજ મુરલી સંભળાવી, સાચી અમરકથા સંભળાવી જ્ઞાન આપી રહ્યા છે. સૃષ્ટિચક્રના 84 જન્મો, પૈકીનો આ છેલ્લો જન્મ છે. આ છેલ્લા જન્મે, જે આત્માઓ બાબાએ આપેલું જ્ઞાન લઈ ધારણ કરશે, આત્મા સ્વરૂપે બાબાને યાદ કરશે, બાબાના રૂદ્ર ગીતા જ્ઞાન યજ્ઞમાં ઈશ્વરીય સેવાઓ કરશે અને યોગ અવસ્થામાં રહી પાપ કર્મો અને વિકારોથી મુક્ત થઈ પવિત્ર બનશે તેવા આત્માઓ પુરુષાર્થ અનુસાર સતયુગી દુનિયામાં પદ મેળવશે. બાબાએ અનેક મુરલીઓમાં જણાવ્યું છે કે સંગમયુગે કરેલા પુરુષાર્થનું ફળ અનેકગણું મળશે, પદ્મગુણા મળશે અને તેથી જ સંગમયુગ કલ્યાણકારી યુગ કહેવાય છે. સંગમયુગે સતકર્મોના બીજની વાવણીનો સમય છે. સતયુગમાં હશે લણણીનો સમય ! કિસાન પોતાના ખેતરમાંથી પુરુષાર્થ અનુસાર પાક મેળવે છે તે જ રીતે આત્મા તેના સત્કર્મોના ફળ સ્વરૂપે સ્વર્ણિમ સતયુગી વિશ્વમાં રાજ્યભાગ્ય મેળવે છે. શિવબાબા કલ્પના છેલ્લા 100 વર્ષના સમયગાળા દરમિયાન જ સાકારી દુનિયામાં આવી બ્રહ્મા વત્સોને જ્ઞાન આપે છે, આ સમયે જ તેમના બાળકોને સાથ આપે છે માટે જ શિવબાબાના સાથથી સંગમયુગ સમર્થ યુગ બની જાય છે. માત્ર સંગમયુગ જ એવો સમય છે કે આત્માઓને જ્ઞાન મળે છે, બાબાની શ્રીમત મળે છે. જ્ઞાનથી જ પવિત્ર જીવન જીવે છે, જ્ઞાનથી જ દુઃખ દૂર થાય છે 21 જન્મોનું સુખ મળે છે. સંગમયુગે જ આત્માઓને બાબા વરદાનો આપે છે. વરદાનોથી આત્માઓમાં પુરુષાર્થ કરવાની વૃત્તિ પેદા થાય છે. પુરુષાર્થમાં સફળ થાય છે. સતકર્મોથી પુણ્યનું ખાતું વધે છે. બાબાનો સાથ છે, સમયનો સાથ છે, યુગ કલ્યાણકારી છે માટે જ સંગમયુગ સમર્થ યુગ છે.

## સમર્થ પિતા

પરમપિતા પરમાત્મા, શિવબાબા શાંતિના સાગર છે, પવિત્રતાના સાગર છે, દિવ્યગુણોના ભંડાર છે, જ્ઞાનસૂર્ય છે, સર્વશક્તિમાન છે, પ્રેમના સાગર છે, કરૂણાના સાગર છે, સુખના સાગર છે. કલિયુગના શૂદ્ર આત્માઓને સુખી થવા માટે શાંતિ, પવિત્રતા, દિવ્યગુણ, જ્ઞાન, શક્તિઓ ઈશ્વરીય પ્રેમ બાબાની કરૂણા અને તન મન ધનનું

સુખ જોઈએ છે. બાબા દાતા છે. દાતા શિવબાબા, તેમના બાળકોના દુઃખ હરનાર છે અને સુખ આપનાર છે. બાબા પાસે અખૂટ ભંડાર છે. બાબાએ તેમના સંતાનો માટે ખજાના ખૂલ્લા રાખ્યા છે. બાબાએ અનેક મુરલીઓમાં અનેક વાર કહ્યું છે કે મારા ખજાના પર તમારો હક્ક છે. જે જોઈએ તે, જેટલું જોઈએ તેટલું લઈ જાઓ, તો સમર્થ પિતા, તેમના બાળકો અસમર્થ રહે એવું ઈચ્છે ખરા? જે બ્રાહ્મણ આત્માઓ રોજ સવારે અમૃતવેળાએ રાજયોગ કરે છે, પરમધામમાં બાબાની સામે ઉભા રહીને રૂહરિહાન કરે છે, શક્તિઓના મૂળ સ્ત્રોત મેળવે છે તે ખાલી હોય ? અસમર્થ હોય ? બાબા તો તેમના બાળકોને તેમના જેવા જ સમર્થ બનાવે છે, આપ સમાન બનાવે છે.

શિવબાબા, સતયુગી દુનિયાની, નવા સુખમય સંસારની રચના કરી રહ્યા છે. ખખડી ગયેલ, જર્જરિત કલિયુગી દુનિયાનો નાશ કરી સ્વર્ણિમ સતયુગી વિશ્વની રચના કરી રહ્યા છે, કોઈ સાકાર મનુષ્યાત્મા કરી શકતો નથી, માત્ર પરમપિતા પરમાત્મા જ સમર્થ છે. શિવબાબા - સાકારી, આકારી અને નિરાકારી વિશ્વના એક માત્ર સર્વસત્તાધીશ છે. આદિ મધ્ય અંતના જાણકાર છે. તેથી જ તો તેમના સંતાનોને ભવિષ્યમાં આવનાર દુઃખોમાંથી દૂર કરવા સંગમયુગે જ્ઞાન આપી સજ્જ કરે છે, શક્તિઓથી ભરપૂર કરે છે. બાબા તેમના બાળકોને સત્યજ્ઞાનથી સજ્જ કરી પ્રકૃતિના પાંચ તત્ત્વોની સેવા કરાવે છે. આ સેવાના ફળ સ્વરૂપે, જ્યારે કુદરતી આપદાઓ આવશે ત્યારે પ્રકૃતિ તેવા સેવાધારી આત્માઓને મદદ કરશે, રક્ષણ કરશે, પતિત પાવન શિવબાબા પતિત આત્માઓને પાવન બનાવી સતયુગી દુનિયામાં સુખ આપે છે. જે બ્રાહ્મણ બાળકો, બાબાનો હાથ પકડી છોડતા નથી તેમને બાબા, વિઘ્નવિનાશક બનાવી દરેક સતકર્મોમાં, સેવાઓમાં સફળતા અપાવે છે. આવું કામ સમર્થ પિતા સિવાય કોણ કરી શકે ?

## સમર્થ આત્મા

સૃષ્ટિચક્રના અંતનો ભાગ ચાલી રહ્યો છે. સમગ્ર વિશ્વ એક નાટ્યમંચ છે અને આ સમયે ડ્રામાનો અંતિમ ભાગ ચાલી રહ્યો છે, અંતિમ દૃશ્યો ચાલી રહ્યાં છે. સતયુગના સમયથી વિશ્વરંગમંચ પર આવેલા આત્માઓનો આ છેલ્લો જન્મ છે. લાંબી યાત્રા કરી ચૂકેલ આત્માઓ કલ્પના અંતે થાકેલા છે. હારેલા છે. શક્તિહીન અને અસમર્થ બની ગયા છે. સતયુગી દુનિયામાં જવાનું અને ઉચ્ચપદ મેળવવાનું લક્ષ્ય તો દરેક આત્માઓ રાખે જ છે પરંતુ તેના માટે જોઈ તો પૂરુષાર્થ, જે આત્માઓએ સ્વયં કરવો પડે. સમર્થ યુગ છે. સમર્થ બાપનો સાથ છે. બાબાએ તો આત્માઓની તરફ હાથ લંબાવ્યો જ છે. બાબાના હાથ અને સાથ તથા આત્માના પોતાના પુરુષાર્થ થી જ આત્મા સમર્થ બની શકે.

સતયુગમાં રાજાઈ મેળવી, રાજગાદીના સિંહાસન પર બિરાજવું હોય તો પુરુષાર્થ રૂપે ચાર પાયા મજબૂત જોઈએ - (૧) ગીતા જ્ઞાન આપનાર બાબાની યાદ (૨) જ્ઞાન ધારણા (૩) યજ્ઞ સેવા અને (૪) યોગ તપસ્યા.

## આત્મા સમર્થ કેવી રીતે બને ?

(૧) સંગમયુગી આત્મા બાબાનું બાળક બની, બાબાએ રચેલા ગીતા જ્ઞાન યજ્ઞમાં જોડાઈ સેવા કાર્યો દ્વારા પુરુષાર્થ કરનાર (૨) નિયમિત મુરલી પઠન અને બાબાની શ્રીમતનું પાલન (૩) અમૃતવેળા / સંધ્યાવેળાના યોગ અભ્યાસથી (૪) જ્વાલામુખી યોગથી પાપ કર્મો, વિકર્મોના નાશથી (૫) વ્યર્થ વાણી, વ્યર્થ સંકલ્પો, વ્યર્થ

શ્રવણ, વ્યર્થ સમય, વ્યર્થ ચિંતન... જેવા વ્યર્થોની મુક્તિથી (૬) સકારાત્મક સંકલ્પો કરવાથી અને નકારાત્મક સંકલ્પોની મુક્તિથી (૭) કોઈપણ કર્મ કરતી વખતે બાબાને સાથી બનાવી, તે કર્મ કરવા માટે સલાહ લેવાથી. (૮) બાબાએ આપેલ મંત્ર 'મનમનાભવ'ને પાકો કરવાથી. (૯) સંગમ-યુગના સમર્થ યુગના શ્રેષ્ઠ સમયે શાંતિદાન, શક્તિદાન, ગુણદાન, જ્ઞાનદાન જેવા શ્રેષ્ઠ પુરુષાર્થો કરવાથી (૧૦) સમર્થ બાપની છત્રછાયામાં રહી વિકારો (માયા)થી બચી પવિત્ર જીવન જીવવાથી. (૧૧) બાબાએ આપેલી શ્રેષ્ઠ ધારણાઓના કવચમાં રહેવાથી (૧૨) લોભવશ પાપકર્મથી થતી કમાણી છોડી સ્વપુરુષાર્થથી થતી કમાણીમાં સંતુષ્ટ રહેવાથી. (૧૩) બાબાએ આપેલા વરદાનો - સફળતા મૂર્તભવ, વિજયી ભવના ધારણાયુક્ત અને અનુભવયુક્તનો અહેસાસ થવાથી. (૧૪) અજ્ઞાન, અશક્ત, વિકારી અને વ્યસની આત્માઓ પ્રત્યે કરૂણાભાવ રાખી શાંતિ અને શક્તિઓનાં દાન કરવાથી. (૧૫) પ્રકૃતિના પાંચેય તત્ત્વોની સેવા કરનાર (૧૬) પ્રકૃતિના પાંચેય તત્ત્વનો બગાડ બંધ કરી તેમને શુદ્ધ અને પવિત્ર બનાવવાની જાગૃતિ લાવનાર (૧૭) શાંતિવન અને મધુવનમાં થતા વિવિધ કાર્યક્રમોમાં જઈ રિફ્રેશ થતો હોય (૧૮) બાબાના ખજાનાથી ભરપૂર થઈ અશાંત, અશક્ત આત્માઓને તેમની કમજોરીઓ દૂર કરવા જરૂરી દાન કરનારો દાતા આત્મા હોય (૧૯) દરેક આત્માઓ પ્રત્યે શુભ કામનાઓ અને શુભભાવનાઓ પહોંચાડતો હોય. (૨૦) તન, મન અને ધનથી યજ્ઞસેવામાં સહયોગી થનાર (૨૧) અસાધ્ય રોગના દરદીને શાંતિનું અને દુઃખ સહન કરવાની શક્તિનું દાન કરતો હોય (૨૨) બાબાના ખજાનાથી ભરપૂર થનાર અને ફરિશ્તા રૂપ ધારણ કરનાર. (૨૩) પરમપિતા પરમાત્મા સર્વશ્રેષ્ઠ દાતા છે. તેમના બાળકો માસ્ટર દાતા હોય. (૨૪) કર્મયોગી હોય. (૨૫) નષ્ટોમોહા સ્મૃતિલબ્ધા આત્મા હોય. તેવા આત્માઓ સમર્થ આત્માઓ બની શકે.

પદ્મગુણા ફળ આપનાર ફળદ્રુપ અને ઉપજાઉ સંગમયુગની ધરની છે, જેમાં આત્મા દ્વારા બાબાની યાદ અને યોગથી ખેડાયેલી ખેડ છે. બાબાએ આપેલા જ્ઞાનની ધારણા અને ગીતા જ્ઞાનમાં કરેલી સેવા એ આત્માઓ દ્વારા ધરનીમાં નંખાયેલું ખાતર છે, સંગમયુગના પુરુષાર્થથી ઉત્પન્ન થયેલ પ્રસ્વેદ બિંદુઓ, એ આત્માએ સિંચેલુ પાણી છે. ખેડ, ખાતર અને પાણી નસીબને લાવે તાણી-એ અનુસાર સમર્થયુગના સંગમયુગના સમયે, સમર્થ બાપના હાથ અને સાથથી, સમર્થ આત્માઓ સ્વર્ણિમ સતયુગી વિશ્વમાં ઉચ્ચ પદે બિરાજશે એમાં કોઈ સંશય રહેશે નહિં.

**॥ ઓમશાંતિ ॥**

- **એવા અચલ અડોલ બનો કે કોઈપણ પ્રકારની સમસ્યા બુદ્ધિ રૂપી પગને હલાવી ના શકે.**
- **પરમાત્માના પ્રેમમાં સદા લીન રહો, તો અનેક પ્રકારનાં દુઃખ અને દગાથી બચી શકશો.**
- **સદા પરમાત્મા પિતાની લાઈટમાઈટની અંદર રહો તો માયા આપની સામે ઊભી પણ નહીં રહે.**
- **સદા ખુશ રહેવું, ખુશીનો ખજાનો વહેંચવો અને સૌમાં ખુશીની લહેર ફેલાવવી એજ શ્રેષ્ઠ સેવા છે.**
- **સદા પોતાના સ્વમાનમાં રહો, તો સર્વનું માન મળતું રહેશે.**

# દાન

બ્ર.કુ. જયુભાઈ, મહાદેવનગર, અમદાવાદ.

સદીઓથી ઋષિ-મુનિ, સાધુ-સંતો અને અનેક દાર્શનિકો, કથાકારોએ દાનનું મહત્ત્વ, જીવનમાં દાનના ગુણ અથવા લક્ષણ વિષે સંસારને ઘણું બધું સમજાવ્યું છે. તેની મહિમા પણ કરી છે. દાનવીરો કે દાતાઓના ગુણગાનની ગાથાઓ આપણા ઈતિહાસમાં ગવાઈ છે. સંપત્તિવાનોના આ ગુણોને લઈ ઘણાં લોકોપયોગી કાર્યો થયાં છે. આવા ઉમદા કાર્ય તરફ લોકો પ્રેરાયા પણ છે.

વહેતા સમયની સાથે દાનની રીત, મૂલ્ય અને પરિભાષામાં પણ ઘણું પરિવર્તન આવ્યું છે. આજે દાતાઓ અને દાન સ્વીકારનારાઓનો પણ એક સમૂહ છે. સરકાર દ્વારા કર-બચત દ્વારા તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ દાન માટે યોગ્યતા અને પાત્રતા સંબંધી પણ વિચારાઈ રહ્યું છે. દાન પણ કયાં, ક્યારે, કોને કેટલું અને કેવી રીતે અપાવું જોઈએ તેની પણ ચર્ચા થવા લાગી છે. 'આપણે તો બ્રાહ્મણને લોટો આપ્યો પછી તે એનો જે ઉપયોગ કરે.' એવી અંધ માન્યતા અને ભાવનાને તેની ઉપયોગિતા સાથે દાન આપનારના પાપ-પુણ્યને સાંકળવામાં આવે છે. અર્થાત્ આપનારને પણ પાપનો ભાગીદાર ગણવામાં આવે છે. આમ કેટલાંક સમજથી તો કેટલાંક ડરથી તો કેટલાંક પ્રશંસાની લાલચે દાન કરતા હોય છે. તેથી દાનનો મહિમા અને પ્રાપ્તિમાં ફર્ક પડવા માંડ્યો છે. દાન શબ્દનું ઉમદાપણું અથવા ગાંભીર્ય જાણે લુપ્ત થઈ રહ્યું છે. એવા દાન કરનારાઓ આજે સમાજ માટે ઉદાહરણ રૂપ નથી બની રહ્યાં. જેમ વૃક્ષો, નદીઓ, સાગર કે સૂર્ય સૌને આપે છે. એ તેમનો સ્વભાવ છે. કોઈપણ તેની નજીક જાય તેને વગર માગે શીતળતા છાયા કે ગરમી મળી જ જાય અને તમે લીધું એટલે બદલામાં કંઈપણ અપેક્ષા રાખી લાચાર ન બનાવે. તેથી તેની પાસેથી ક્યારેય ઓછું થતું નથી. સદા આપતા રહેવું એ એનો ગુણ છે. ધર્મ છે. મનુષ્યો પણ જ્યારે આપવું એ તેની વૃત્તિ બની જાય છે. ત્યારે તે ક્યારેય ખાલી થતો નથી. માટે જ કંઈપણ આપ્યા સિવાય, જે મેળવ્યું છે કે મળ્યું છે તેના દ્વારા સાચું સુખ મળવું સંભવ નથી.

સંસારના સર્વ પ્રશ્નો પરિસ્થિતિઓ કે સમસ્યાના મૂળમાં રહેલી આ નહીં આપવાની વૃત્તિ છે. જે મળ્યું છે તેનું યોગ્ય વિતરણ થવું જોઈએ. દુઃખમાંથી મુક્ત થવાનો આ રસ્તો છે. પ્રાપ્ત થયેલ દાન યોગ્ય રીતે ઉપયોગમાં લેવાય તે જોવાની જવાબદારી જે દાન સ્વીકારે છે તેની છે. આપનારનો ઉદ્દેશ સફળ થવો જોઈએ. વર્તમાન સમયમાં મંદિરો, તીર્થસ્થાનો, ધાર્મિક સંસ્થાઓ, આધ્યાત્મિક સંગઠનો અને તેની સાથે સંકળાયેલી વ્યક્તિઓ તિરસ્કૃત થઈ રહી છે. તેઓ પોતાની પ્રતિષ્ઠાને જ વધારવાની રેસમાં છે. જેનો સહારો લઈ કહેવાતા દાનવીરો પોતાની રોટલી શેકી રહ્યા છે. આવા સંગઠનો તેમની આવી પ્રવૃત્તિને પોષી રહ્યા છે. ત્યારે દાન ગુપ્ત રહેતું નથી. ક્યારેક વ્યવસ્થાના ભાગરૂપે કે તેની આડમાં તેમના આ કાર્યને જાહેર કરી તેને પ્રેરણાનું વસ્ત્ર ઓઢાડવામાં આવે છે. જ્યાંથી પ્રેરણા લેવાનું મન થતું નથી. નિર્માણભાવ અનુભવાતો નથી. દાનની ગુપ્તતાનું મહત્વનું લક્ષણ લુપ્ત થઈ જાય છે. તેની શ્રેષ્ઠતા કે મહાનતા જળવાતી નથી. આ તો આપણે સ્થૂલ દાન, સંપત્તિના દાનની વાત કરી જે આપનારાઓ દાનીના લીસ્ટમાં સમાવેશ કરી શકાય.

આજના સમયમાં તેનાથી પણ આગળ વધી રક્તદાન, નેત્રદાન, કીડનીનું દાન જેવા અંગદાન અથવા દેહદાન દ્વારા અન્યના જીવનને મદદરૂપ થવાની ભાવના પણ ઉત્તમ દાન છે. જે નિસ્વાર્થ ભાવે કરવામાં આવે. જીવનમાં પ્રાપ્ત અમૂલ્ય ચીજવસ્તુઓનું પણ દાન આપનારા છે. દેશની રક્ષા કાજે સીમાઓ પર પોતાનું જીવન બલિદાન કરનારા વીરોની પણ ગાથા છે. કોઈ વિશેષ કાર્યમાં લાંબા સમયથી પોતાને જોડી રાખી જે કાર્યને સફળ બનાવે છે તેને યોગદાન કહેવામાં આવે છે. અર્થાત્ વ્યક્તિના જીવન પર્યંત તેના માટે પ્રયત્નશીલ રહે છે પછી તે કોઈ ભવનના નિર્માણનું કાર્ય હોય કે લોકોના મોટા સમૂહને માર્ગદર્શન કરતા હોય કે કોઈ શ્રેષ્ઠ વિચારધારાને સંસારમાં સ્થાપિત કરવાના કાર્યમાં પ્રયત્નશીલ હોય, આવા યોગદાનનું મૂલ્ય આંકી ન શકાય. જ્યાં વ્યક્તિ પોતાના જીવનનો મૂલ્યવાન સમય ખર્ચે છે. તેથી આ રીતે મદદરૂપ થવું, સહયોગી બનવું એ પણ એક પ્રકારનું દાન જ છે. સમાજમાં જાહેર સેવાઓ જોડે જોડાયેલી વ્યક્તિઓ પણ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવે ત્યારે વિવિધ ક્ષેત્રમાં તેમણે આપેલું યોગદાન જ કહેવાય જે પ્રશંસનીય હોય છે અને તેની કદર થાય છે.

આ સર્વ સ્થૂલ દાનની સાર્થકતા અથવા મૂલ્યથી પણ કેટલાંક દાન એવાં છે જેનો મહિમા અને મૂલ્ય અધિક છે. જે સૂક્ષ્મ છે પરંતુ અતિ મહત્વપૂર્ણ છે. જે છે જ્ઞાનદાન, ગુણદાન, શક્તિઓનું દાન અને શ્રેષ્ઠ સંકલ્પોનું દાન. જે મન-વચન-કર્મ દ્વારા કરવામાં આવે છે. આવા આત્માઓ દાનીના લીસ્ટમાંથી આગળ વધી વરદાની અને મહાદાની બને છે. જેઓ બેહદના દાની છે. જે વિશ્વ માટે ઉપયોગી નીવડે છે. જેમનાં કર્મ, વાણી, સંકલ્પ, દૃષ્ટિ અને વૃત્તિથી વિશ્વનું કલ્યાણ થાય છે. આવા દાતાપણાના લક્ષણો એવા આત્માઓમાં જોવા મળે છે. જેમનામાં ત્યાગ, સ્નેહ-પ્રેમ, સમર્પણભાવ, દયા અને વફાદારી જેવા ગુણો સમાયેલા છે. જીવનમાં દાન કરવાની - આપવાની ભાવના ત્યારે જ જન્મે છે જ્યારે માલિકીપણાનો ભાવ નષ્ટ થાય છે. મારું છે એ વિચાર જ તમને કંઈપણ આપતા અટકાવે છે. જીવનમાં સંસ્કારો, શ્રેષ્ઠ કર્મો જ માત્ર આપણા છે. જે આપણે સાથે લઈ જઈએ છીએ. બાકી તો જે કંઈ પણ છે તે આપણી પાસે છે, આપણું નથી.

॥ ઓમશાંતિ ॥

- **સમય થોડો છે અને હજુ ઘણી બધી સેવા કરવાની છે. સૌથી સહજ સેવાનું સાધન છે - વૃત્તિ દ્વારા વાયબ્રેશન બનાવવાં અને વાયબ્રેશન દ્વારા વાયુમંડળ બનાવવું કારણ કે વૃત્તિ સૌથી ઝડપી સાધન છે. જે રીતે વિજ્ઞાન સર્જિત રોકેટ ઝડપથી જાય છે તે રીતે આપની રુહાની શુભભાવના શુભકામનાની વૃત્તિ, દૃષ્ટિ અને સૃષ્ટિને બદલી દે છે. એક સ્થાન પર બેસવા છતાં પણ વૃત્તિ દ્વારા સેવા કરી શકો છો. સાંભળેલી વાતો ભુલાઈ જાય છે. પરંતુ જે વાયુમંડળનો અનુભવ થાય છે, તે ભુલાતો નથી.**
- **મનની એકાગ્રતા જ એકરસ સ્થિતિનો અનુભવ કરાવશે. એકાગ્રતા જ એકરસ સ્થિતિનો અનુભવ કરાવશે. એકાગ્રતાની શક્તિ દ્વારા અવ્યક્ત ફરિશ્તા સ્થિતિનો અનુભવ કરી શકશો. એકાગ્રતાની શક્તિ, માલિકપણાની શક્તિ સહજ નિર્વિઘ્ન બનાવી દેશે. એકાગ્રતા અર્થાત્ મનને જ્યાં ઈચ્છો, જે રીતે ઈચ્છો, જેટલા સમય માટે ઈચ્છો એટલો સમય એકાગ્ર કરી લો. મન વશમાં હોય. સાકારરૂપમાં ફરિશ્તા સ્થિતિનો અનુભવ કરવા માટે મનની એકાગ્રતા ઉપર ધ્યાન આપો. ઓર્ડરથી મનને ચલાવો.**

# ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ મિથ્યા કલ્પના છે.

સંકલન - બ્ર.કુ. ઈશ્વરભાઈ , ઊંઝા

સૂર્યમાંથી 9 ગ્રહોની ઉત્પત્તિ અંગેનો નિહારીકાવાદ તથા પૃથ્વી ઉપર આકસ્મિક ઉત્પન્ન થયેલ એકકોષી સૂક્ષ્મ જીવ અમીબામાંથી સમગ્ર જીવસૃષ્ટિ ઉત્પન્ન થઈ તે ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ એક જૂઠી કલ્પના માત્ર છે. એમાં જરા પણ સચ્ચાઈ નથી.

પહેલાં આપણે નિહારીકાવાદનો અભ્યાસ કરીએ, પશ્ચિમી વૈજ્ઞાનિકોએ કલ્પના દોડાવી અને સૂર્યમાંથી 9 ગ્રહો કેવી રીતે ઉત્પન્ન થયા તેની એક રોમાંચક કહાની બનાવી દીધી કે કરોડો વર્ષ પહેલાં સૂર્યની બાજુમાંથી એક મોટો તારો નિહારીકા પસાર થયો તેના ગુરુત્વ ખેંચાણબળથી સૂર્યમાંથી વેલણ જેવો ભાગ બહાર આવી ગયો. હવે પેલો નિહારીકા તો દૂર દૂર ચાલ્યો ગયો. પરંતુ બહાર આવી ગયેલ વેલણ જેવા ભાગ ઉપર બે બળો કાયમ માટે લાગી ગયાં. એક તો નિહારીકાનું ગુરુત્વબળ અને સૂર્યનું ગુરુત્વબળ. આથી તે સૂર્યની આસપાસ ફરતો થઈ ગયો. કાળક્રમે તે ભાગ ઠંડો પડતો ગયો અને તેમાંથી 9 ગ્રહો બન્યા. પાછળથી બીજા વૈજ્ઞાનિકોએ પ્રશ્નોની ઝડી વરસાવી જેના એ વૈજ્ઞાનિક પાસે જવાબ ન હતા.

● એક જ વેલણ જેવા ભાગમાંથી ૯ ગ્રહો બન્યા હોય અને બંને લાગેલાં બળમાં કોઈ ફેરફાર ન થયેલ હોય તો તે બધા ગ્રહો એક જ લાઈનમાં રહી સૂર્યની આસપાસ ફરતા કેમ નથી. સૂર્યની આસપાસ ફરવાનો સમય બધાનો ભિન્ન ભિન્ન કેમ છે ?

● એક જ વેલણ જેવા ભાગમાંથી બધા ગ્રહો બન્યા હોય તો બધાનું બંધારણ ભિન્ન ભિન્ન કેમ છે ?

● બધા સૂર્યને કાટખૂણે ધરી રાખીને કેમ ફરતા નથી ?

● ૯ ગ્રહોના સેકડો ઉપગ્રહો પણ કેમ આડા અવળા ફરે છે ? જેમ કે ગુરુના ૩ ઉપગ્રહ બાકીના બધા કરતાં ઉલટી દિશામાં ફરે છે આવું કેમ ?

આવા અનેક પ્રશ્નોના જવાબ ન મળતાં તે વાદ ઉઠી ગયો અને બીજા વૈજ્ઞાનિકે નવો વાદ કુંભારના ચાકડાનો રજૂ કર્યો. તેમણે કહ્યું કે જેમ કુંભારનો ચાકડો ફેરવતાં વચ્ચે મૂકેલા માટીના મોટા લોંદામાંથી અનેક ટુકડા આજુબાજુ ફેંકાય છે. પછી જ બાકીનો વધેલો ભાગ ગોળાકાર બની જાય છે. તે રીતે સૂર્ય પોતાની ધરી આસપાસ જોરથી ફરતો હતો અને જે ટુકડા ફેંકાઈ ગયા તે ૯ ગ્રહો બન્યા.

આ વાદ પણ જૂઠી કલ્પના માત્ર છે. કારણ કે કુંભારના ચાકડાને પૃથ્વી ઉપર ફેરવીએ તો જ કટકા છુટા પડે પરંતુ આ ચાકડાને 200 માઈલ ઊંચે જ્યાં કોઈનું ગુરુત્વાકર્ષણ બળ નથી ત્યાં લઈ જઈ ફેરવવામાં આવે તો એક પણ કટકો છુટો ન પડે, કારણકે વચ્ચે મૂકેલા લોંદા ઉપર કોઈ ખેંચાણ બળ લગાતું નથી. પૃથ્વી ઉપર તો પૃથ્વીનું ગુરુત્વબળ લાગવાથી કટકા છુટા પડે છે. આથી આ વાદ પણ ઉડી ગયો. હવે નવો કોઈ વાદ વૈજ્ઞાનિકો લાવવાની હિંમત કરતા નથી. કારણ કે પ્રશ્નોના જવાબ કેવી રીતે આપવા ?

## હવે જોઈએ ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ

ડાર્વિન નામના વૈજ્ઞાનિકે દુનિયાભરમાં ભ્રમણ કરીને ભિન્ન ભિન્ન પ્રાણીઓ અને

પક્ષીઓના હાડકાં ભેગાં કરી સમાન હાડકાં એક લાઈનમાં મૂકી કલ્પના કરી કે આ પ્રાણીમાંથી બાજુનું પ્રાણી બન્યું હશે અને તેમાંથી પછી તેની બાજુનું પ્રાણી બન્યું હશે. વાંદરાના હાડકાં મનુષ્યને મળતાં આવે છે. તેથી વાંદરામાંથી છેલ્લે મનુષ્ય બન્યો તેવો વાદ રજૂ કર્યો. આ વાદ વિરુદ્ધની સાબિતીઓ જોઈએ. (ડાર્વિનનો 'સર્વાઈવલ ઓફ ધી ફીટેસ્ટ' વાદ સાચો છે. પરંતુ ઉત્ક્રાંતિવાદ જૂઠો છે.)

પાછલા ઘણા વર્ષોથી વૈજ્ઞાનિકો સંકરણ કરી એક જાતિમાંથી બીજી જાતિ ઉત્પન્ન કરવા અનેક પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ એક જાતિમાંથી બીજી જાતિ કાયમ માટે ઉત્પન્ન કરી શકાઈ જ નથી. ઘોડો અને ગધેડાના સંકરણથી ખચ્ચર તો બનાવ્યું. પરંતુ તે પોતાનો નવો વંશ વધારી શકતું જ નથી. એ જ રીતે બટાટા અને ટામેટાના સંકરણથી Pomatoનો છોડ તો તૈયાર કર્યો. જે એક જ છોડ ઉપરના ભાગે ટામેટા અને જમીનની અંદરના ભાગે બટાટા ઉત્પન્ન કરતો હતો. પરંતુ ટામેટા અને બટાટાની સાઈઝ ખૂબ જ નાની હતી અને ઉતાર ખૂબ જ ઓછો હતો. તેના બીયારણથી વાવતાં તે કશું રીઝલ્ટ ન આપી શક્યો. આથી લાખો રૂપિયાનો ખર્ચ કરેલો નિષ્ફળ ગયો.

હવે વૈજ્ઞાનિકોએ એવું તારણ કાઢ્યું છે કે સંકરણથી એની એ જ જાતિમાં વિવિધતા લાવી શકાય છે. વધુ વિકસીત અને વધુ પ્રોડક્શન આપતી જાતિઓ બનાવી શકાય છે. પરંતુ જાતિ બદલી શકાતી નથી. અર્થાત્ લાખ પ્રયત્નો કરો તો પણ હાથીમાંથી ઊંટ અથવા કોબીજમાંથી ફુલાવર બનાવી શકાતું નથી. આથી એક અમીબામાંથી વિશ્વભરની કરોડો જાતિનાં પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિ કેવી રીતે બને ?

પશ્ચિમના વૈજ્ઞાનિકોના મત પ્રમાણે જો આ બધુ આકસ્મિક જ ઉત્પન્ન થયેલ હોય તો

● દરેક શરીરમાં એક આત્મા હોય છે. જે એક શરીરનો નાશ થતાં બીજું શરીર ધારણ કરે છે. પુનર્જન્મના હજારો કિસ્સા દુનિયામાં બન્યા છે. જેની સંપૂર્ણ ચકાસણી વૈજ્ઞાનિકોએ કરેલી છે. અને સમર્થન આપી તે અંગેનાં ઘણાં પુસ્તકો પણ બહાર પડેલા છે. આ અવિનાશી આત્મા ક્યાંથી આવ્યો તેની વૈજ્ઞાનિકોને ખબર નથી. ડાર્વિને આત્માનો તો વિચાર કરેલો જ નથી.

● પૃથ્વી, સૂર્ય અને ગ્રહો આ બધું જો આ આકસ્મિક જ ઉત્પન્ન થઈ ગયું હોય તો સૂર્ય અને ચંદ્રનું પૃથ્વીથી એવું અંતર ગોઠવાયેલ છે કે બંને એક સરખા જ દેખાય. ખગ્રાસ સૂર્યગ્રહણ વખતે સૂર્ય આગળ ચંદ્ર આવીને સૂર્યને બરાબર ઢાંકી કાઢે છે તે વખતે સ્પષ્ટ જણાય છે. કે બંનેના માપ એકદમ સરખા છે. એક મીલીમીટરનો પણ ફર્ક દેખાતો નથી. આકાશમાં સૂર્ય કરતાં મોટા લાખો તારા છે અને ચંદ્ર કરતાં નાના ઉપગ્રહો પણ લાખો હજાર છે તો પછી વેરાઈટી સાઈઝના તારા અને ગ્રહો આપણને કેમ દેખાતા નથી ? સૂર્ય અને ચંદ્ર સિવાયના બધા જ એક ટપકા (બિંદુ) સમાન કેમ દેખાય છે ?

● ચંદ્રને પોતાની ધરી આસપાસ ફરવામાં ૧ મહિનો લાગે છે અને તેને પૃથ્વીની પ્રદક્ષિણા કરવામાં પણ ૧ મહિનો જ લાગે છે. એક પણ સેકંડનો એમાં ફરક ન હોવાથી આપણને ચંદ્રની પાછળની સાઈડ કદાપિ દેખાતી જ નથી. એક સેકંડનો પણ ફરક ન પડે તેવી ગોઠવણ શું આકસ્મિક હોઈ શકે ? કદાપિ નહિ.

## પૃથ્વી અને પ્રાણીઓની ઉત્પત્તિ અંગે ભારતીય ફીલોસોફી

ભારતીય ફીલોસોફી પ્રમાણે પૃથ્વી, સૂર્ય,

ચંદ્ર અને સમસ્ત બ્રહ્માંડ એ પરમાત્માની રચના છે. આડેધડ કશું જ પ્રયોજન વિના ઉત્પન્ન થયેલ નથી. પૃથ્વી એક રંગમંચ છે. સતયુગથી કલિયુગ સુધી ચાલતું એક બેહદનું આ નાટક છે. સૌ આત્માઓ ભિન્ન ભિન્ શરીર ધારણ કરી પાર્ટ ભજવી રહ્યા છે. સૂર્ય અને ચંદ્ર રંગમંચની લાઈટો છે. તારા એ ડેકોરેશન (સીરીઝ) છે.

ભારતીય ફીલોસોફી પશ્ચિમી વિજ્ઞાન માનતું નથી તેનું એક જ કારણ છે અનેક ભિન્ન ભિન્ન મત કોઈનો કોઈની સાથે તાલમેલ બેસે નહિ. જેમ અનેક રસોઈયા ભેગા થાય તો રસોઈ બગાડે તેવો ઘાટ ભારતીય શાસ્ત્રોનો થયો છે. એક જ ગીતા ઉપરથી રામાનુજાચાર્ય, શંકરાચાર્ય અને વલ્લભાચાર્યે, દ્વેતવાદ, અદ્વૈતવાદ અને અદ્વૈતાદ્વૈતવાદ સાબિત થઈ શકતો હોય તો ક્યા વાદને સત્ય માનવો ? ગીતા ઉપરથી આવા પરસ્પર વિરોધી વાદ કેમ સાબિત થાય છે. તે હવે સંશોધન કરવું જરૂરી છે. ગીતામાં અ-11 શ્લો-8માં શ્રીકૃષ્ણ કહે છે, 'હું અજન્મા, અવ્યક્ત અને ચર્મચક્ષુથી અપ્રત્યક્ષ છું.' અ-8 શ્લો-21માં કહે છે કે 'પરમધામ મારુ ધામ છે. જ્યાં સૂર્ય ચંદ્રનો પ્રકાશ પહોંચતો નથી.' આવા અનેક શ્લોક દ્વિધા ઉત્પન્ન કરે છે. કે આવા શબ્દો શું દેહધારી શ્રીકૃષ્ણના છે કે નિરાકાર, જ્યોતિસ્વરૂપ પરમાત્મા શિવના છે ?

ભગવાન માટે કોઈ કહે છે - કણકણમાં ભગવાન. કોઈ કહે છે - ઉપરવાળો જાણે. કોઈ કહે છે - આત્મા એ જ પરમાત્મા. કોઈ કહે છે - 24 અવતાર. ગીતા કહે છે કે - યુગે યુગે અર્થાત્ 4 અવતાર - કેટલા મત ?

ગળે ન ઉતરે તેવી વાતોથી આપણાં શાસ્ત્રો ભરેલાં છે. જેમ કે દેવીઓની 8 ભૂજાઓ, વિષ્ણુ ભગવાનના 4 હાથ, બ્રહ્માના 4 મુખ, રાવણના 10 મસ્તક, પશ્ચિમી લોકો આ પાત્રોને - ઐતિહાસિક માને ખરા ?

વધુમાં જોઈએ તો... સૂર્ય દ્વારા કર્ણનો જન્મ - એ પણ કવચ કુંડળ સાથે, વાયુ દ્વારા ભીમનો જન્મ, ધર્મ દેવતા દ્વારા યુધિષ્ઠિરનો, ઈન્દ્ર દ્વારા અર્જુનનો જન્મ, ગંગા નદી દ્વારા ભીષ્મનો જન્મ આવી વાતો કોના ગળે ઉતરે ?

જરાસંઘના બે ફાડચાં કરવામાં આવે તો પણ ભેગા જાતે થઈ તે જીવીત થઈ જતો. આવી અસંભવ વાતો લખવામાં આવે તો કેટલાંય પાનાં ભરાઈ જાય.

પશ્ચિમના લોકો આપણા બંને ભગવાનની મશ્કરી કરતાં કહે છે કે તમારા એક ભગવાન જેમની એક જ પત્ની હતી તે પણ રાવણ ઉપાડી ગયો. બીજા ભગવાને તો 16108 રાણીઓ કરી અને દરેકને 10-10 પુત્રો ઉત્પન્ન કર્યા.

હવે શ્રીરામ અને શ્રીકૃષ્ણને ઐતિહાસિક પાત્રો સાબિત કરવા હોય તો રામાયણ, મહાભારત અને ગીતા ઉપર સંશોધન કરવું આવશ્યક છે આવું સંશોધન તથા પૃથ્વી અને બ્રહ્માંડનાં બધાં જ રહસ્યો હવે સ્વયં પરમાત્માએ ખોલ્યાં છે તે માટે નિરાકાર શિવ પરમાત્માએ જ બ્રહ્માકુમારીઝ વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી છે.

## ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ વિરૂદ્ધ વધુ સાબિતીઓ

ડાર્વિને તેના પુસ્તક origin of speciesમાં કબૂલ કર્યું છે કે એક જાતિ અને બીજી જાતિ વચ્ચેની તેમને જોડતી કડી દુનિયાભરમાંથી અમને એક પણ મળી નથી તેથી મારા ઉત્ક્રાંતિવાદની કોઈ નક્કર સાબિતી (proof) હજુ મળેલ નથી. તો પછી એકપણ સાબિતી વિનાના વાદને પશ્ચિમના વૈજ્ઞાનિકોએ કઈ રીતે સાચો માની લીધો ?

પશ્ચિમના વૈજ્ઞાનિકો જીવની ઉત્પત્તિ થઈ, કોઈ કહે છે 25 કરોડ વર્ષ કોઈ કહે છે 60 કરોડ વર્ષ પહેલાં જીવની ઉત્પત્તિ થઈ, કોઈ કહે છે 10 કરોડ અને કોઈક કહે છે કે 6 કરોડ વર્ષ પહેલાં જીવની ઉત્પત્તિ થઈ. ક્યાં 60 કરોડ અને ક્યાં 6 કરોડ વર્ષ પહેલાં જીવની ઉત્પત્તિ થઈ. આવા કાલ્પનિક વાદ જેની નક્કર કોઈ સાબિતી છે જ નહિ તેને માની લેનારા વૈજ્ઞાનિકો માટે શું કહેવું?

અમીબા જેવા પ્રાથમિક એકકોષી જીવમાંથી દુનિયાભરનાં બધાં જ પ્રાણીઓ, પક્ષીઓ, વનસ્પતિ ઉત્પન્ન થયેલ હોય તો અમીબા હાલ જે પૃથ્વી ઉપર કરોડોની સંખ્યામાં હયાત છે તેમાંથી કેમ કોઈ ઉત્ક્રાંતિ ના થઈ ? અમીબા કરોડો વર્ષ પહેલા હતા તેવા ને તેવા કેમ રહી ગયા ?

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ પ્રમાણે જો સૂક્ષ્મ એકકોષી જીવ અમીબામાંથી વિકાસ થતો જ ગયો છેક છેલ્લે મનુષ્ય બન્યો ત્યાં સુધી વિકાસ થયો. જો એમ જ હોય તો વચ્ચેનાં અનેક પ્રાણીઓ અને પક્ષીઓ જે અદભુત ક્ષમતા ધરાવે છે તે તેમની આગળ પાછળના પ્રાણીઓમાં કેમ નથી ? જેમ કે કૂતરામાં સૂંઘવાની શક્તિ મનુષ્ય કરતાં 10 લાખ ગણી વધારે હોય છે તેવી તેવી શક્તિ કૂતરાની આગળપાછળના પ્રાણીઓમાં કેમ નથી ?

સમડી એક માઈલ દૂરથી ઉંદરને જોઈ શકે છે. આપણે જોઈ શકતા નથી. ઘણા પક્ષીઓ ઉડતા ઉડતાં અનેક દેશોનો પ્રવાસ કરી ઋતુ બદલાય ત્યારે ફરી પોતાના મૂળ દેશમાં પરત આવી શકે છે તે કઈ શક્તિથી આવે છે. તે હજુ આપણે શોધી શક્યા નથી.

આગીયો પોતાના શરીરમાંથી પ્રકાશ ઉત્પન્ન કરી શકે છે. ઘણી માછલીઓ પણ પ્રકાશ અને વીજળી ઉત્પન્ન કરી શકે છે. આવી ચમત્કારી શક્તિ ફક્ત તેમને જ કેવી રીતે મળી ?

ચામાચીડીયાને અંધારી રાત્રે આંખે પાટા બાંધીને ઉડાડવામાં આવે તો પણ ઉડી શકે છે. ક્યાંય પણ અથડાતું નથી. કુદરતે તેને આપણા કરતાં લાખો ગણી વધું શ્રવણ શક્તિ આપેલી છે. ઉડતી વખતે તે અવાજ ઉત્પન્ન કરે છે અને વસ્તુઓને અથડાઈ પરાવર્તીત થયેલ અવાજને પકડી તે ઉપરથી કઈ વસ્તુ કેટલે દૂર છે તે પારખી શકે છે. આવી અદ્દ્ભુત શક્તિ બીજા કોઈ જીવમાં કેમ નથી ?

ધરતીકંપની અગાઉથી જાણ પ્રાણીઓને થઈ જાય છે અને તેઓ વિહ્‌વળ બની દોડાદોડ કરી મૂકે છે. તો આગળના વર્જનની બધી જ ખૂબીઓ લેટેસ્ટ વર્જન અર્થાત મનુષ્યમાં કેમ નથી ? ધરતીકંપની અગાઉથી જાણ મનુષ્યને કેમ થતી નથી ? આશ્ચર્ય તો તે વાતનું છે કે દુનિયામાં બધાં જ પ્રાણીઓ, પક્ષીઓને જન્મથી જ તરતાં આવડે છે. જ્યારે માણસ તો 50-60 વર્ષનો થાય તો પણ તરતાં આવડતું નથી ? મનુષ્ય સર્વોચ્ચ હોય અને લેટેસ્ટ આવૃત્તિ હોય તો આ બે બાબતોમાં સૌ પ્રાણીઓમાંથી પાછળ કેમ ? છે ડાર્વિન પાસે જવાબ?

જો સૂર્ય, પૃથ્વી અને સમગ્ર જીવસૃષ્ટિ આકસ્મિક, આડેધડ વિના કોઈ પ્રયોજન ઉત્પન્ન થયેલ હોય તો હસ્તરેખાવિદ્યા, ગ્રહોનું શાસ્ત્ર, જન્મકુંડળી વગેરે અસ્તિત્વ ન ધરાવતાં હોત ?

હસ્તરેખા જોવાવાળા નિષ્ણાત જ્યોતિષીઓ જીવનની નાનીમોટી અનેક બાબતો બતાવે છે જે 100% સત્ય હોય છે. આડેધડ જ બધું ઉત્પન્ન થયેલ હોય તો સમગ્ર જીવનને આવરી લેતી બધી બાબતો હાથની રેખાઓમાં કોણે બનાવી ?

જન્મ સમય અને જન્મ સ્થળ ઉપરથી

**તા. ૧૦-૬-૨૦૧૯ સોમવારે, દિનેશ હોલ, અમદાવાદ.**

**પ્રાર્થનાસભા નિમિત્તે ગાયેલું ગીત**

**બ્ર.કુ. ડૉ. દામિનીબેન**



**રાજયોગિની સરલાદીદી**
**(૧૯૪૦ - ૨૦૧૯)**

**સ્વીકાર કરો શ્રદ્ધાંજલિ**

ઓ પ્યારી સરલા દીદી, હમેં છોડકર તુમ કહાં ચલી,
બ્રાહ્મણ પરિવાર પુકારે, ઓ દીદી તુમ કહાં ચલી....
સ્વીકાર કરો શ્રદ્ધાંજલિ...

ભૂલે ના ભૂલાયે દીદી આપકો, દિયા જો સ્નેહ હમ સબકો,
પુકારતે હૈં આજ હમ તુમકો, આ જાઓ દીદી ફીર ઘર કો,
બીના તેરે ઓ દીદી, સુની લાગે હર ઘર કી ગલી.
સ્વીકાર કરો શ્રદ્ધાંજલિ...

યે પાંવ ભી ડગમગાતે થે, ના આતા થા ચલના હમકો,
ઉંગલી પકડ કે સિખાયા હે, દિવ્ય જીવન જીના હમકો,
ભૂલે ના ભૂલાયે દીદી, હમે છોડકર તુમ કહાં ચલી.
સ્વીકાર કરો શ્રદ્ધાંજલિ...

વો ચાંદની સૂક્ષ્મ વતન કી આજ, ફૈલી હે ઈન ચાર દીવારોં મેં,
હૈ ગુંજ રહી મીઠી શિક્ષાયેં, આજ ભી ઈન કાનો મેં,
અશ્રુઓં કી ધારાએ ભી, પૂછે ઓ દીદી તુમ કહાં ચલી.
સ્વીકાર કરો શ્રદ્ધાંજલિ...

॥ ઓમશાંતિ ॥

બનાવેલી જન્મ કુંડળી પણ પૂરા જીવનની ઝલક પૂરી પાડે છે. શું પરમાત્માનો આ ચમત્કાર નથી ?

અવકાશી ગ્રહો અને નક્ષત્રો ઉપરથી વરસાદ, વાવાઝોડું વગેરેની આગાહી કરવાવાળા સાચા પડે છે અને હવામાનખાતા વાળા ખોટાં પડે છે. તે આપણે ગઈ સાલ અનુભવેલ છે. ગઈ સાલ હવામાન ખાતાએ જાહેર કર્યું કે ચોમાસાએ વિદાય લઈ લીધી છે અને બીજા જ દિવસે ન્યુઝપેપરમાં ગાંધીનગરનાં અંબાલાલ દા. પટેલનો ખુલાસો આવ્યો કે ચોમાસાએ વિદાય નથી લીધી. વરસાદની તારીખો પણ તેમણે આપી દીધી અને તે સાચી પડેલી આપણે અનુભવેલ છે.

મઘા નક્ષત્રમાં વરસાદ પડે તો તે વનસ્પતિને અમૃત સમાન હોય છે. તે પાણી સંઘરી રાખવામાં આવે તો વર્ષો સુધી બગડતું નથી. આનું શું કારણ છે તે વૈજ્ઞાનિકો હજુ સુધી શોધી શક્યા નથી. આટલી બધી સાબિતીઓ પછી શું તમને નથી લાગતું કે હવે ડાર્વિનના ઉત્ક્રાંતિવાદને ફગાવી દઈ ભારતીય ફીલોસોફી અપનાવવી જોઈએ ?

બ્રહ્માકુમારીઝ વિશ્વવિદ્યાલયે સાબિત કર્યું છે કે આપણા પૂર્વજો વાંદરા નહિ પરંતુ શ્રીરામ, શ્રીકૃષ્ણ જેવા પૂજ્ય દેવીદેવતાઓ હતા. આપણે પણ આપણા પૂર્વજો જેવા પૂજ્ય દેવી-દેવતા કેવી રીતે બની શકાય તેનું શિક્ષણ અને રાજયોગ આ વિદ્યાલય દ્વારા પરમાત્મા શિવ શીખવી રહ્યા છે. ॥ **ઓમશાંતિ** ॥

# વિવેક- વિવેક બુદ્ધિ અને બુદ્ધિયુગ

બ્ર.કુ. અનિલ, સુરત

વર્તમાનયુગ એ બુદ્ધિયુગ છે. એમાં જડ અને ચેતન બંનેનું સંચાલન બુદ્ધિ કરે છે. આપના હૃદયની ચાવી પણ એના જ હાથમાં છે. બુદ્ધિને પણ અનેક બારણાં છે. જો ભૂલથી જુદું બારણું ખૂલી ગયું તો આપણે એની ભૂલામણીમાં અટવાઈ જઈએ છીએ. આપણો સમગ્ર જીવન વ્યાપાર બુદ્ધિએ પોષેલા સ્વાર્થ વડે ચાલે છે... જો કે આપણા વિવિધ ક્ષેત્રોનાં સંશોધનની ધરી પણ બુદ્ધિ જ છે. માનવીના હૃદય કરતા એની બુદ્ધિએ અનેક ગણી મોટી હરણફાળ ભરી છે તે આજના સુખ સગવડનાં સાધનો સિદ્ધ કરે છે.

બુદ્ધિએ જેમ માનવીને જીવવાની શક્તિ આપી છે અને અન્યનો સંહાર કરવાની શક્તિ પણ આપી છે. આજે વિશ્વના એક ભાગનો માનવી વિશ્વના બીજા ભાગના માનવી સાથે બુદ્ધિથી જેટલો નજીક આવ્યો છે એટલો હૃદયથી નથી આવ્યો. હૃદય માનવીની લાગણીનું તંત્ર સંભાળે છે તો બુદ્ધિ એના સુખ અને સ્વાર્થનું અહીં જ બુદ્ધિ માર ખાય છે.

જ્યાં બુદ્ધિ માર ખાય છે ત્યારે જ અને ત્યાં જરૂર પડે છે વિવેકસભર બુદ્ધિની. એટલે એવો વિવેક તો માનવીના મનના ગર્ભમાં જ રહેલો હોય છે પણ આપણે તેને પાંગરવા દેવા ઈચ્છતા નથી. તેથી ઈચ્છાઅનિચ્છાના લેબલ વડે આપણે બધો જીવન વ્યવહાર ચલાવીએ છીએ. વિવેક એટલે વિનય, વિવેક એટલે સભ્યતા પણ આપણે તો અસભ્યતાની આંગળી પકડીને સભ્યતાના જંગલમાં ઘૂમવા ઈચ્છીએ છીએ. વિવેક એક એવી સમતુલા છે કે જે મનુષ્યને મનુષ્ય બનાવવામાં સહાયભૂત થાય છે અને એવો મનુષ્ય વિવેક બુદ્ધિ પ્રધાન કહેવાય છે. વિદ્યા વિનયથી શોભે તેમ માનવી પણ વિવેક બુદ્ધિથી શોભે.

વર્તમાન યુગમાં બુદ્ધિના વ્યભિચારે જેટલો ભ્રષ્ટાચાર સર્જયો છે એટલો ક્યારેય સર્જ્યો ન હતો. આપણે જેમ જેમ બુદ્ધિનાં ખાનાઓ પાડતા ગયા તેમ તેમ માનવીઓને પણ વિવિધ ખાનાઓમાં મૂકતા ગયા. અમુક ખાનામાં બેઠેલા માનવી જન્મથી જ સર્વાધિકાર ભોગવવા સર્જાયેલો છે તો બીજા ખાનામાં બેઠેલા માનવીએ આજીવન ગુલામી જ ભોગવવાની છે - આ બધા ભેદ માનવીની બુદ્ધિએ જ પાડ્યા છે.

વિવેક એક પક્ષીય નથી. એ સામી વ્યક્તિ કે સમૂહ પાસે પણ વિવેક-વિનયની અપેક્ષા રાખે છે, આપણને કોઈની સલામ ગમે છે, પણ એનો પ્રત્યુત્તર આપવો ગમતો નથી. આપણે વિવેકનો એવો બોદો અર્થ પણ કર્યો છે કે ઝૂકી જનારાને આપણે વિવેકી કહીએ છીએ. વિવેકની વ્યાખ્યા સામાને સમજવામાં રહેલી છે અને એની શરૂઆત આપણા પોતાનાથી જ થાય છે તેને વિવેકબુદ્ધિ પ્રધાન માનવી કહેવાય. આયનામાં આપણે જેવો ચહેરો બનાવીને નીરખીએ તેવું જ પ્રતિબિંબ પડે છે. અહમ વિવેકનું કેન્સર છે અને કેન્સરગ્રસ્ત માનવીને બચાવવાનું સહજ નથી. શાંત મન સાથે અગ્નિમાં ચાલવાનું સરળ નથી. પણ એ અગ્નિના સ્વસ્થ - શાંત ઉપયોગમાં જ મનુષ્યની શક્તિ રહેલી છે.

આ જગતનું અસ્તિત્વ છે ત્યાં સુધી સારું અને નરસું બન્ને રહેશે. પણ જો બુદ્ધિ સજાગ હોય અને ઉદાર હોય તો યાતનાઓ ઓછી રહેશે.

કલ્યાણનું-સુખનું વજન વધશે. વિદ્યા વિનયથી જ શોભે આ વાત દૃષ્ટાંતથી સમજી લઈએ.

કુમારસેન નામના એક રાજાનો પુત્ર દયાનંદના આશ્રમમાં ભણવા ગયો. તે બધી વિદ્યામાં યુદ્ધ શાસ્ત્રમાં પણ પ્રવીણતા મેળવી. રાજાનો પુત્ર ખૂબ ગર્વિષ્ટ હતો. તેણે ગુરુજી સાથે યુદ્ધ કરવાની ઈચ્છા દર્શાવી. ગુરુજીએ કહ્યું કે હું તો વૃદ્ધ થયો છું. અશક્ત પણ છું છતાં રાજાના પુત્રે યુદ્ધ કરવાની જિદ્દ છોડી નહીં. આખરે પંદર દિવસની મુદ્દત પછી યુદ્ધ કરવાનું ગુરુદેવે કબૂલ કર્યું. ગુરુદેવ યુદ્ધની તૈયારી કેવી રીતે કરે છે તે જોવા માટે પુત્રે જાસૂસો રાખ્યા. જાસૂસોએ ખબર આપ્યા કે ગુરુદેવે લુહારને પચ્ચીસ ફૂટ લાંબુ તલવારનું મ્યાન તૈયાર કરવા આપ્યું છે. રાજાના પુત્રે વિચાર્યું, પચ્ચીસ ફૂટ દૂરથી ગુરુદેવ મારા પર વાર કરશે ત્યારે મારી ત્રણ ફૂટની તલવાર શા કામની ? તેણે પણ પચ્ચીસ ફૂટ લાંબી તલવાર અને મ્યાન તૈયાર કરાવ્યા.

પંદર દિવસની મુદત પૂરી થતાં ગુરુ શિષ્યની જોડી સમરાંગણમાં ઉતરી. નક્કી કરેલો સમય થતાં જ ગુરુદેવ પચ્ચીસ ફૂટ લાંબા મ્યાનમાંથી ત્રણ ફૂટ લાંબી તલવાર બહાર કાઢીને વીજળીવેગે શિષ્ય તરફ ધસ્યા. શિષ્ય હજી તો પચ્ચીસ ફૂટ લાંબી તલવાર મ્યાનમાંથી કાઢતો હતો ત્યાં તો ગુરુદેવે તેમની તલવાર શિષ્ય પર ધરી દીધી. શિષ્ટના તો મોતીયા જ મરી ગયા. ગુરુદેવ તમે જીત્યા અને હું હાર્યો. કહેતાં જ શિષ્ય ગુરુદેવના પગમાં પડી ગયો.

ગુરુદેવે પિતાના વાત્સલ્ય ભાવ સાથે શિષ્યને કહ્યું બેટા, ધ્યાનમાં રાખજે આજ સુધી મેં તને જે પાઠો - વિદ્યા શીખવી છે તેનો છેલ્લો પણ અગત્યનો પાઠ આજે શીખવું છું. ભવિષ્યમાં વિદ્યાનો કદી ગર્વ ન કરતો. વિદ્યા વિનયથી જ શોભે છે.

વિવેકશીલ માનવી વિવેકબુદ્ધિ દ્વારા આજના બુદ્ધિયુગમાં ત્યારે જ વિજયી બની શકે જ્યારે તેનો બુદ્ધિયોગ એક પરમપિતા પરમાત્મા સાથે સતત જોડાયેલો હોય અને વ્યવહારમાં પરમાર્થ અને પરમાર્થમાં વ્યવહારમાં સમતુલન રાખવાની કળા આચરણમાં હોય. બુદ્ધિયુગના આપણે માનવીઓએ આપણી બુદ્ધિને ન્યાયાધીશની ખુરસીમાં બેસાડવી પડે અને જીવન જીવવાની કળામાં નિર્ણય લેવો પડે.

મિત્રો ચાલો આપણે આપણી બુદ્ધિને વિવેકબુદ્ધિથી ભરી દઈએ. વ્યવહારમાં સકારાત્મક કર્મો જ કરીએ અને આ વાત આપણા પરિવારને સમજાવવા પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભ કામના સાથે....

**॥ ઓમશાંતિ ॥**

- **વિકારોનો સદાને માટે ત્યાગ કરનારા જ પરમાત્માના અભિનંદનના અધિકારી બને છે.**
- **સર્વ ખજાનાઓની ચાવી 'મારા બાબા' સાથે હશે, તો કોઈપણ આકર્ષણ આકર્ષિત કરી નહીં શકે.**
- **વિજયી આત્મા બનવું છે, તો એટેન્શન અને અભ્યાસને પોતાના સંસ્કાર બનાવી લો.**
- **શુભ સંકલ્પ અને દિવ્ય બુદ્ધિના યંત્ર દ્વારા તીવ્રગતિનું ઉડ્ડયન કરતા રહો.**

Published and Printed by BK Sarlaben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.




અમદાવાદમાં આયોજીત રાજયોગિની સરલાદીદીની ભાવાંજલિ સભામાં દીદીજીને શ્રધ્ધાસુમન અર્પણ કરતા સુપ્રસિધ્ધ જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજ, શિવાનંદ આશ્રમના પ્રમુખ સ્વામી શ્રી અધ્યાત્માનંદજી, આર્ક બિશપ ઑફ ગુજરાત બિશપ થૉમસ મેકવાન.




અમદાવાદ દિનેશ હૉલ ખાતે આયોજીત રાજયોગિની સરલાદીદીની શ્રધ્ધાંજલિ સભામાં અલૌકિક મા સમાન દીદીજીને હૃદયના ભાવ અર્પણ કરી પ્રાર્થના કરતાં અમદાવાદના મેયર ભગિની બિજલબેન પટેલ, ગુજરાતી ફિલ્મ કલાકાર ભગિની ભાવિનીબેન જાની, દીદીજીને શ્રધ્ધાસુમન આપતાં બાબા સાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. અમીબેન ઉપાધ્યાય.




રાજયોગિની સરલાદીદીની સ્નેહાંજલિ સભામાં દીદીજીને શ્રધ્ધાસુમન આપતાં વિશ્વ ઉમિયાધામના મુખ્ય સંયોજક ભ્રાતા સી. કે. પટેલ તથા સભામાં ઉપસ્થિત અતિથિગણ અને બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.




૧) પરમ પૂજનીય બ્ર.કુ.સરલાદીદીજીને પુષ્પાંજલિ અર્પણ કરતાં ગુજરાતી જ્ઞાનામૃતના તંત્રી ડૉ. કાલિદાસભાઈ પ્રજાપતિ પરિવાર સાથે. ૨) સરલાદીદીજીના દેહત્યાગ નિમિત્તે બ્રહ્માભોજન કાર્યક્રમમાં મણિનગર તથા મહાદેવનગર ગ્રુપસેન્ટરની ટીચર્સ બહેનો તથા બ્રહ્માવત્સો સાથે અનુભવોની યાદોને તાજી કરતાં જ્ઞાનસરોવરના બ્ર.કુ. સુરજભાઈ. ૩) આદરણીય દીદીજીને હૃદયના પુષ્પો અર્પણ કરતાં મહારાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ બ્ર.કુ. સંતોષદીદી, મુંબઈ-વિલેપાર્લાના બ્ર.કુ. યોગિનીબેન, મુંબઈ-ઘાટકોપરના બ્ર.કુ. નલિનીદીદી તથા અન્ય.

Gyan Amrit Vol.12 | Issue 7 | July 2019 | Retail Price - 12/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



આબુરોડ શાંતિવનમાં બ્રહ્માકુમારીઝના ગુજરાત ઝોન ડાયરેક્ટર રાજયોગિની સરલાદીદીનાં પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરતાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા આદરણીય દાદી રતનમોહિનીજી.



આબુરોડ ખાતે રાજયોગિની સરલાદીદીનાં પાર્થિવ દેહને પુષ્પાંજલી અર્પણ કરી ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તરફથી મળેલ શોકસંદેશાનું વાંચન કરતાં સેક્રેટરી જનરલ બ્ર.કુ. નિર્વૈરભાઈ.



આબુરોડમાં આદરણીય સરલાદીદીને પુષ્પચક્ર અર્પણ કરતાં બ્રહ્માકુમારીઝના યુરોપીય અને મધ્ય એશીયાઈ દેશોના ડાયરેક્ટર બ્ર.કુ. જયંતીબેન, આફ્રિકા ખંડના બ્ર.કુ. વેદાંતીબેન, U.A.E.ના બ્ર.કુ. જ્યોતિબેન, શાંતિવનના મેનેજર બ્ર.કુ. ભોપાલભાઈ.



આબુરોડ શાંતિવન પરિસરમાં તપસ્યાધામ ખાતે દર્શનાર્થે રાખેલ પરમ શ્રધ્ધેય સરલાદીદીનાં પાર્થિવ દેહને પુષ્પાંજલી અર્પણ કરતાં મુખ્યાલય આબુ પર્વતના એડમીનીસ્ટ્રેટીવ અધિકારી બ્ર.કુ. મુન્નીબેન.



અમદાવાદ સુખશાંતિ ભવનમાં રાજયોગિની સરલાદીદીનાં પાર્થિવદેહને ભાવાંજલિ અર્પણ કરતાં અદાણી ગ્રુપના ચેરમેન ભ્રાતા ગૌતમભાઈ અદાણી, ભગિની પ્રીતિબેન અદાણી બાજુમાં બ્ર.કુ. અમરબેન.



ગુજરાતના મુખ્યાલય અમદાવાદ સુખશાંતિ ભવન ખાતે રાજયોગિની સરલાદીદીના પાર્થિવદેહને હૃદયાજંલિ અર્પણ કરી પ્રાર્થના કરતાં નિરમા ગ્રુપના ચેરમેન ભ્રાતા કરસનભાઈ પટેલ.